Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૬ ઠું. વિક્રમ સંવત્ ૧૯૬૫. અષાઢ. અંક ૧૨ મો.

## પ્રભુ સ્તુતિ.

શાર્દૂલવિક્રીડિત.

[1]ધર્માનંદ ધરી [2]ધરા તલવિષે ધીરા થતા ધર્મમાં,
આત્માનંદ અપાર અંગ ધરિને રહેતા સદા [3]શર્મમાં;
ધ્યાતા ધ્યાન અખંડ વિશ્વહિતનું જે વીતરાગી બને,
તે પામો જય જગત્માં જિનપતિ [4]દેવેંદ્ર જેને નમે. ૧

## સાતમી જૈન કોન્ફરન્સનું વિજય ગીત.

"આનંદકંદ પૂજતાં જિનેંદ્ર ચંદ હું" એ દેશી.

વિજય આજ વિજયરંગ અંગમાં ધરો,
વિનોદથી વિશેષ વિજય ગર્જના કરો;
જૈન કોન્ફરન્સ તણો વિજય આદરો. (ટેક).

૧ ધર્મનો આનંદ. ૨ પૃથ્વીને વિષે. ૩ સુખમાં. ૪ ઇંદ્રો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યનો પ્રભાવ પુણ્ય [1]પત્તને થયો,
વિશ્વનો સમસ્તસંઘ તે સ્થલે ગયો;
સંપનો પ્રવાહ પૂર્ણતાથી ત્યાં વહ્યો. વિજય. ૧
સાતમો સમાજ ગૌરવેથી ગાજીઓ,
વીરધર્મ વીરતાથી ત્યાં વિરાજિઓ;
ફાવિઓ નહીં કુસંપ આપ [2]પાજિઓ. વિજય. ૨
[3]દક્ષતા બતાવી દક્ષિણે ઉમંગથી,
ભાવી સૌમ્ય ભાવના [4]અભંગ રંગથી;
વધાવી કોન્ફરન્સ શુદ્ધ પ્રેમ સંગથી. વિજય. ૩
અમર વિજય [5]અમરવાણી બોધને ધરી,
પુણ્ય [6]નગર સંઘ પુણ્ય ઉગ્ર આચરી;
વિશ્વ સંઘ દર્શનેથી તે ગયો તરી. વિજય. ૪
શ્રાવિકા સમાજ તે પ્રસંગમાં મલ્યો,
[7]કુધાર હાનિકાર સદ્ય ભાષણે ટલ્યો;
ધર્મ કલ્પ વૃક્ષ સદ્ય તે સ્થલે ફલ્યો. વિજય. ૫
ધન્ય [8]ભારતીય જૈનના સમાજને,
ધન્ય પુણ્ય નગર સંઘના [9] સુકાજને;
ધન્ય પુણ્ય કર્મના સુશોભિ સાજને. વિજય. ૬

# સાતમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

## સભા પતિ આગમન મહોત્સવ.

જયેષ્ટ માસની દ્વિતીયાને દિવસે **પુણ્ય પત્તન-પુના** આ-

---

૧ પુનામાં. ૨ નઠારો. ૩ ડાહાપણ. ૪ અખંડ આનંદથી. ૫ મુનિરાજ અમરવિજયજીની સંસ્કૃત વાણીના બોધને ધારણ કરી. ૬ પુનાનો સંઘ. ૭ હાનિકારક કુધારો. ૮ ભરતખંડના. ૯ સારા કામને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નંદ ઉત્સવથી ગાજી રહ્યું હતું. ભારત વર્ષની જૈન પ્રજાના અગ્રણી પુરૂષોથી તે અલંકૃત થયું હતું. દક્ષિણી ધર્મ વીરો વિશ્વના સંઘનું દર્શન કરવાને ઉત્કંઠિત બન્યા હતા. વિવિધ દેશના સંઘના પ્રતિનિધિઓ પુણ્યનગરના અતિથિ બન્યા હતા. તે દિવસે પ્રાતઃકાલે ધર્મનિષ્ઠ શેઠ નથમલજી ગુલેચ્છા સાતમી જૈન મહા પરિષદનું પ્રમુખ પદ લેવાને પધાર્યા હતા. પુણ્યનગરનું સત્કાર મંડલ બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થોને અને સ્વયંસેવકોની એક સેનાને સાથે લઈ માનવંતા પ્રમુખને આવકાર આપવાને સ્ટેશન ઉપર હાજર રહ્યા હતા. જ્યારે પ્રમુખ અગ્નિરથમાંથી ઉતર્યા, ત્યારે સ્વયં સેવકોની સેનાએ જિનશાસનની જયનો મહાન્ ધ્વનિ કર્યો હતો અને કોન્ફરન્સના પ્રમુખને સવિનય સલામી આપી હતી. આ સમયે હાજર રાખેલા બેન્ડે નમન ગીત ગાઈ સંભલાવ્યું હતું. તે પછી સ્વાગત મંડલના પ્રમુખ શેઠ શિવદાનજી પ્રેમાજી ગોટીવાળાએ માનવંતા પ્રમુખની પુષ્પહારથી પૂજા કરી હતી. અને પ્રમુખની સાથે આવેલા બીજા ગૃહસ્થોની પરસ્પર ઓલખ કરવામાં આવી હતી. આ વખતે અગ્નિરથના વિશ્રાંતિ સ્થાન (સ્ટેશન) ઉપર ગોઠવેલી સુશોભિત બેઠક ઉપર તે સ્થાન માટે નિર્માણ કરેલા સત્કાર મંડલના અગ્રણી **મી. મગનલાલ દીપચંદે** પ્રમુખ સાહેબને સત્કાર પૂર્વક અગ્રાસન ઉપર બેસાર્યા હતા. ક્ષણવાર વિશ્રાંતિ લીધા પછી પ્રમુખ સાહેબને ચાર ઘોડાની ગાડીમાં બેસારી મોટા સરઘસને આકારે પુણ્યનગરના રાજમાર્ગમાં લઈ જવામાં આવ્યા હતા. આ વખતનો દેખાવ ઘણો રમણીય હતો. સ્વયંસેવકોની સેના અને તેના સેનાપતિ ઘણા દબદબાથી સાથે ચાલતા હતા- આર્હત ધર્મનો ઉદ્યોત પ્રત્યક્ષ દેખાઈ આવતો હતો. જૈન પ્રજામાં પાયમાલી કરવાને પેશી ગયેલા દુષ્ટ રીવાજો રૂપી શત્રુઓનો સંહાર કરવાને જાણે આ સ્વારી સજ્જ થયેલી હોય, તેવો દેખાવ થઈ રહેલો હતો. પુણ્ય નગરની પુણ્યવંત પ્રજા વિશ્વ સંઘના માનનીય પુરૂષના દર્શન કરવાને ઉલટભેર ઉછળતી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સમયે મંગલ ગાયક મંડલીના બાલકોના મુખનું મધુર ગાયન વિશેષ આનંદદાયક લાગતું હતું. આ પ્રમાણે દબદબા સાથે પ્રસાર થતી પ્રમુખ સાહેબની સ્વારી રવિવારપેઠ, મોતીચોક, શરાફ બજાર, કાપડબજાર, વોરાબજાર, વેતાલપેઠ, ઝુલતીપરી, કુલવાલીનોચોક, ભાજીપાલાનોચોક, શીતલદેવીનો રસ્તો, ઝવેરી મોતિચંદની ધર્મશાલા, હેલ્થ ઓફીસ, રામેશ્વરચોક, શુક્રવારપેઠ, નેટીવ જનરલ લાયબ્રેરી, અને બુધવારપેઠ, વગેરે પ્રખ્યાત સ્થલોમાંથી પસાર થઇ ચોરાશી ગચ્છના મંદિર આગલ સ્વારી આવી પહોંચી હતી. ઉપરના સ્થલો ઉપર આવેલી જૈન ગૃહસ્થોની દુકાનો ઉત્તમ પ્રકારે શણગારવામાં આવી હતી. સ્થાને સ્થાને ગોપુરની રચના કરી તેમાં સુધારા, વિજય, મંગલ અને આશીર્વાદના અર્થને સૂચવનારા વાકયો ગોઠવેલા હતા. સત્કારની શ્રેણીને ગ્રહણ કરતાં અને વિનય વૃત્તિને જણાવતાં કોન્ફરન્સના પ્રમુખ સાહેબ શેઠ મોતીચંદ ઝવેરીની ધર્મશાલા પાસે આવી પહોંચ્યા. તે વખતે હાજર રહેલી શ્રાવકબાલાઓએ પ્રમુખશ્રીને મંગલ તિલક કર્યું હતું. પછી બાલાઓએ મધુર ગાયન કરી ભારતવર્ષના સંઘના પ્રમુખને વધાવી લીધા હતા. ત્યારબાદ મહામુનિ શ્રી અમરવિજયજી મહારાજ વિગેરે મુનિરાજોને પ્રમુખ અને રીસેપ્શન કમીટીના પ્રમુખ વિગેરે સર્વ વંદન કરવા આવ્યા, ત્યાં વંદન કર્યા બાદ મુનિ મહારાજ શ્રીઅમરવિજયજી મહારાજે સર્વ પર્ષદાની સમક્ષ એક ધાર્મિક વ્યાખ્યાન આપ્યું હતું, જેમના ઉપદેશની વાણી સાંભળી સર્વ શ્રાદ્ધસમાજ આનંદમય બની ગયો હતો. વ્યાખ્યાન સમાપ્ત થયા પછી સત્કાર મંડલના પ્રમુખે સત્કારના શબ્દોથી સુશોભિત એવું એક ભાષણ કર્યું હતું, જેનો પ્રત્યુત્તર માન્યવર પ્રમુખે ઘણી નમ્ર ભાષામાં આપ્યો હતો. એ કાર્ય વિસર્જન થયા પછી પ્રમુખ સાહેબની સ્વારી ત્યાંથી આગળ ચાલી પોતાના ઉતારા તરફ આવી હતી. ત્યાં ઉતારા કમીટીના અધ્યક્ષે સ્વયંસેવકોની મંડલી દ્વારા પ્રમુખ સાહેબને ઉત્તમ પ્રકારનો આવકાર આપ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહિલા પરિષદના પ્રમુખ

## સૌ. શેઠાણી મીઠાબાઇને આવકાર.

જૈન પુરૂષ પરિષદ્‌ના પ્રમુખની પધરામણી થયા પછી ચોથી જૈન મહિલા પરિષદ્‌ના પ્રમુખાની પધરામણી થઇ હતી. આ સમયનો દેખાવ પણ અલૌકિક હતો. ચતુર્વિધ સંઘના ત્રીજા પ્રકારમાં માં અવેલી શ્રાવિકાઓની જાણે પ્રત્યક્ષ ઉન્નતિ હોય તેવા સૌ. મીઠાબાઇ મેઘજી ખેતશીના પત્નીને શ્રાવકોએ અને શ્રાવિકાઓએ ભારે માન આપ્યું હતું. જ્યારે એ પવિત્ર પ્રમુખા શ્રાવિકા સ્ટેશન ઉપર ઉતર્યાં ત્યારે મહિલા પરિષદ્‌ની સ્વાગત કમીટીના પ્રમુખ સૌ. તારાબાઇ છગનલાલ ઝણુપતદાસ તથા બ્હેન ગંગાબાઈ મગનલાલ પ્રેમચંદ–એ બંને શ્રાવિકાઓએ પ્રેમપૂર્વક પ્રમુખાની પુષ્પ પુંજા કરી હતી. તે પછી શ્રાવિકાઓ એક સ્વારી કાઢી પ્રમુખા મીઠાબાઇને વાજતે ગાજતે તેમને ઉતારે લઈ ગઈ હતી. આ વખતે આર્હત અંગનાઓનો ઘણો મનોરંજક દેખાવ થયો હતો. વિવિધ પ્રકારના શ્રંગારને ધારણ કરનારી શ્રાવિકાઓના સમાજ વચ્ચે સૌ–મીઠાબાઇએ જે માન મેળવ્યું છે, તે શ્રાવિકાજીવનની સાર્થકતાને માટે અદ્વિતીય હતું.

# પ્રથમ દિનકાર્ય.

દક્ષિણી જૈન વીરોએ કોન્ફરન્સના મંડપને ઉત્તમ પ્રકારે શણગાર્યો હતો. મંડપની શોભા ઘણીજ રમણીય હતી. કોન્ફરન્સના કાર્યનો સમારંભ મધ્યાન્હ કાલે નિયમિત કર્યો હતો. બરાબર બે વાગ્યાના સમય થયો એટલે ભારતવર્ષના જૈન સમાજના મંડપમાં પ્રમુખ શેઠ નથમલજી ગુલેચ્છા, પોતાના કુમાર શ્રી બાગમલજી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની સાથે પધાર્યા હતા તેમની સાથે કોન્ફરન્સના આદ્ય ઉત્પાદક મી. ગુલાબચંદજી ઢઢા અને બાબુ રાયકુમારસિંહજી આવ્યા હતા. મંડપની ચારે તરફ હિંદના મોટા મોટા શેહેરોના પ્રતિનિધિઓ આવી હાજર થયા હતા. મંડપની અંદર છ હજાર વેત્રાસનો ગોઠવવામાં આવ્યા હતા. તેમાં એક હજારથી વધારે શ્રાવિકાઓની સંખ્યા હતી. પ્રમુખના આસનની પાસે જૈન શિવાયના બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

પ્રમુખસાહેબ શેઠ નથમલજી જ્યારે મંડપની અંદર આવી આસન ઉપર બેઠા, તે વખતે પુનાના જૈન સંગીતમંડળે ગાયનરૂપે મંગલા ચરણ શરૂં કર્યું હતું. તેપછી ચીફસેક્રેટરી મી. છગનલાલ ગણપતદાસે આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવી, બાદ સ્વાગત કમીટીના પ્રમુખ શેઠ શિવદાનજી પ્રેમાજી ગોટીવાલાની પ્રેરણાથી મી. અમરચંદ પી. પરમારે સત્કાર કરનારૂં ભાષણ વાંચી સંભલાવ્યું હતું. તે ભાષણની અંદર પુનાના સંઘને છાજે તેવા વિનીત વચનોનો ઉદ્ગાર દર્શાવ્યા હતા. આ પ્રસંગે મુનિરાજ શ્રી અમરવિજયજી મહારાજ પોતાના શિષ્ય પરિવાર સાથે પધારતાં ગુરૂ ભક્ત શ્રાવકોએ જયધ્વનિથી તેમને વધાવી લીધા હતા. બાદ પુનાવાલા શેઠ મોતીચંદ ભગવાનદાસે પ્રમુખ પદને માટે દરખાસ્ત કરી હતી અને તે પ્રસંગે એક સારૂં ભાષણ વાંચી સંભલાવ્યું હતું. યવલાવાલા શેઠ દામોદર બાપુશાએ તેને વિવેચન સહિત અનુમોદન આપ્યું હતું. તે શિવાય બીજા પુનાના અગ્રણી ગૃહસ્થોએ તે પ્રસંગે પ્રમુખની ઉત્તમ પ્રકારે પ્રશંસા કરી હતી. ત્યાર પછી પ્રમુખ સાહેબે સર્વની હર્ષ ગર્જના સાથે પ્રમુખાસન સ્વીકાર્યું હતું. તે વખતે મી. મકનજી જુઠાભાઇએ બાહેરથી આવેલા દિલસોજીના સંદેશાઓ ઉંચે સ્વરે વાંચી સંભલાવ્યા હતા. જે નામદાર ગાયકવાડ સરકાર, ભાવનગરના નામદાર મહારાજા સાહેબ અને બીજા ગૃહસ્થો તરફથી આવેલા હતા. તે પછી ભારતવર્ષની સાતમી જૈન મહા પરિષદ્‌ના માનવંતા પ્રમુખે પોતાનું ભાષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંચી સંભલાવ્યું હતું. જેનો પાછલનો ભાગ તેમના કુમાર શ્રીએ વાંચ્યો હતો.

---

# પ્રમુખનું ભાષણ.

આપણા માનવંતા પ્રમુખના ભાષણમાંથી કેટલા એક સાર ગ્રહણીય અને આદરણીય છે. તે મહાશયે પોતાના ભાષણમાં જ્ઞાનના શિક્ષણ ઉપર સારા ઉદ્‌ગાર દર્શાવ્યાછે. આર્હત ધર્મના સર્વ સાધનોનું મુળ જ્ઞાનછે, એ વાત ભાષણ કર્તાએ સારી રીતે સિદ્ધ કરી બતાવીછે. તે પછી ધાર્મિક અને સંસારિક કેળવણી સંબંધી કેટલા એક ઉત્તમ વિચારો પ્રગટ કરી સ્ત્રી કેળવણી વિષે પ્રમુખે સારો બોધ આપ્યો હતો. જૈન વર્ગની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિનું મૂળ કારણ સ્ત્રી શિક્ષણ છે એ વાત વકતાએ સારી રીતે સિદ્ધ કરી બતાવી હતી. તે પછી જીવદયા, અનાથાલય જીર્ણ મંદિર, તથા પુસ્તકોદ્ધાર અને કુરીવાજ. વિષે પ્રમુખ સાહેબના ઇસારા આદર કરવા યોગ્ય હતા. વલી તેમના ભવ્ય ભાષણની અંદર ત્રણ ચાર નવીન સૂચનાઓ દર્શાવવામાં આવેલી છે કે, જે સર્વ જૈન વર્ગને ઘણીજ મનન કરવા યોગ્ય અને સત્વર અમલમાં મુકવા યોગ્ય છે. વિશ્વ વિદ્યાલય (યુનીવર્સિટી) માં જૈન ભાષાને પ્રચલિત કરવી, ન્યાયની અદાલતમાં જૈન કાયદાઓ પસાર કરવા, જૈન સેન્ટ્રલ બેન્ક સ્થાપવી અને સંપ રાખવો—આ વિષયો ઘણાં ગંભીર અને સર્વ જૈન પ્રજાની ઉન્નતિના હેતુ રૂપ છે તે વિશે પ્રમુખના પ્રતાપી વચનો ભારત વર્ષની જૈન પ્રજાના પૂર્ણ રીતે હિતકારક છે. એ નિઃસંદેહ વાર્ત્તા છે.

સાતમી કોન્ફરન્સના માનવંતા પ્રમુખના ભાષણમાંથી નવનીત રૂપે ઊદ્‌ગારો પ્રગટ થયા છે, તે સર્વ રીતે અભિનંદનીય છે. અને આશા રાખવામાં આવે છે કે, જૈન બંધુઓ પોતાના ધર્મ અને વ્યવહાર માર્ગમાં ઊપયોગી એવા તે વચનો ને વ્યર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવા દેશે નહીં; પણ તન, મન અને ધનથી તેને સાર્થક કરવા પ્રયત્ન કરશે.

પ્રમુખ સાહેબનું ભાષણ સમાપ્ત થયા પછી સબજેક્ટ્ કમીટી નીમવામાં આવી હતી. તે પછી મુંબાપુરીના જૈન મંડલ ગાયન સમાજે એક સ્તુતિનું ગીત ગાઇ પ્રથમ દિવસનું કાર્ય સમાપ્ત કરવામાં આવ્યું હતું.

## દ્વિતીય દિન કૃત્ય.

બીજે દિવસે મધ્યાન્હ કાલે પ્રમુખે આવી કોન્ફરન્સના કાર્યનો આરંભ કર્યો હતો. પ્રથમ બાલાઓએ અને પછી બાલકોએ મંગલ ગીત ગાયા પછી પ્રથમ ચાર ઠરાવો માનવંતા પ્રમુખ તરફથી રજુ કરવામાં આવ્યા હતા. પ્રથમના ઠરાવમાં ભારત વર્ષના સાર્વભૌમ મહારાજા એડવર્ડ ધિ સેવનનો ઊપકાર માનવામાં આવ્યો હતો. બીજા ઠરાવમાં શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. જે. પી. ના તથા શેઠ ચીમલાલ નગીનદાસના સ્વર્ગવાસનો ખેદ જાહેર કરવામાં આવ્યો હતો. ત્રીજા ઠરાવમાં મુંબઇના લોકપ્રિય ગવર્નર મી. કલાર્કના પત્ની અને પુત્રીના ખેદ કારક મરણ વિષે જાહેર કરવામાં આવ્યું હતું. અને તે નામદારે કરેલ જૈન પ્રજા ઉપર ઉપકારોનું સ્મરણ કરી તે ઠરાવ તેમની ઉપર મોકલી આપવાનો નિશ્ચય કર્યો હતો.

ચોથો ઠરાવ ગઇ છઠ્ઠી કોન્ફરન્સ વખતે થએલા ઠરાવ ધ્યાનમાં લઇ જૈન ગ્રેજ્યુએટસ એશોસીયેસને લોકપ્રીય નામદાર ગવરનર સાહેબ સર જયોર્જ સીડનહામ કલાર્કને વધારાની ધારા સભામાં આપણા તરફથી પ્રતિનિધિની બેઠક મેળવવા જે અરજ કરી હતી, તેને માટે તે નામદારે જે સંતોષકારક જવાબ આપ્યો છે તે માટે તે નામદારનો અંતઃકરણ પૂર્વક સમસ્ત જૈન કોમ આભાર માને છે. અને તેનો અમલ થવા પૂર્ણ આશા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખે છે.

તે પછી મી. લખમશી હીરજી મઈસરીએ કેળવણીને લગતો એક ઠરાવ રજુ કર્યો હતો અને તેમાં એક જૈન શ્વેતાંબર બોર્ડની નીમણુક કરવાને જણાવ્યું હતું, જેમાં કેટલાએક વિદ્વાન્ અને સંભાવિત ગૃહસ્થોના નામ આપવામાં આવ્યાં હતાં. તે પછી તે ગૃહસ્થે તે વિષયને સારી રીતે પલ્લવિત કર્યો હતો. તેમાં જૈન વાંચનમાલા, અને માગધી શબ્દકોષ તૈયાર કરવાને માટે ખાશ સૂચના આપવામાં આવી હતી. તે પ્રસંગે મી. મણીલાલ નથુભાઈ દોશી, મી. ઝવેરી, મી. ઉપાધ્યાય, મી. નાણાવટી, શા. નારણજી અમરશી, મી. સાકલચંદ ઘડીયાલી, પંડિત લાલન વિગેરે વક્તાઓએ એ વિષયને સારી પુષ્ટિ આપી હતી. તે પછી મી. અમરચંદ પી. પરમારે હાનિકારક રીવાજો દૂર કરવાનો છઠ્ઠો ઠરાવ રજુ કર્યો હતો. તેમાં કન્યાવિક્રયના નઠારા રીવાજ વિષે મી. શિવજી દેવશીએ અસર કારક ભાષણ કર્યું હતું અને મુનિ મહારાજ શ્રી અમરવિજયજી મહારાજે કન્યા વિક્રય ન કરવાના પચ્ચખાણ આપ્યા હતા. આ વખતે શ્રેણીબંધ શ્રાવકોએ ઉત્સાહથી તે નિયમ સ્વીકાર્યો હતો.

## તૃતીય દિન કૃત્ય.

ત્રીજે દિવસે મધ્યાન્હકાલે કોન્ફરન્સની બેઠક થઈ હતી. મંગલાચરણ થયા પછી જૈન ચૈત્યો, પુસ્તકો અને શિલાલેખોના ઊદ્ધાર કરવાને માટે સાતમો ઠરાવ મી. દોલતચંદ પુરૂષોત્તમ બરોડીઆએ રજુ કર્યો હતો. અને તેની વ્યવસ્થા કરવાને માટે એક કમીટી નીમવામાં આવી હતી. તેના અનુમોદનમાં શેઠ માણેકલાલ ઘેલાભાઈએ અને મી. પરમારે સારૂં વિવેચન કર્યું હતું. તે પછી નવમો તીર્થ સંરક્ષણ, અને દશમો જૈનોને સહાય કરવાનો એમ બે ઠરાવ રજુ કરવામાં આવતાં તે સર્વાનુમતે પ્રસાર કરવામાં આવ્યા હતા. તે ઠરાવને અંતે મુનિરાજ શ્રી અમરવિજયજી મહારાજે કેટલોએક ઉત્તમ ઉપદેશ આપ્યો હતો. પછી અગીયારમો જૈન સોળ સંસ્કારો પ્રચાર કરવાનો ઠરાવ પ્રસાર કર્યાપછી પંડિતલાલને જીવહિંસાના અટકાવ વિષે સારૂં વ્યાખ્યાન આપી તે ઠરાવ પ્રસાર કરાવ્યો હતો. ત્યાર બાદ તેરમો દેશી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુઓ વિષે, ચૌદમો સમેતશિખર બાબત, પનરમો જૈન બેંક, સોળમો ધાર્મિક ખાતાના હિસાબો ચોખ્ખા રાખવા વિષે અને સત્તરમો કોન્ફરન્સ મારફત કેળવણી ખાતાના ખર્ચ વિષે–એમ જુદા જુદા ઠરાવો સારા અનુમોદન સાથે પ્રસાર કરવામાં આવ્યા હતા. તે પછી બાબુ રાયકુમારસિંહજી અને પંડિતલાલન તરફથી કેટલુંએક વિવેચન થયા પછી શેઠ કુંવરજી આણંદજીએ આ પ્રસંગે થયેલી સખાવત જાહેર કરી હતી. જેમાં એકંદર વીશ હજાર ઉપરની રકમ એકઠી થયેલી જણાવી હતી. જે રકમ બોર્ડીંગના આશ્રયને માટે ઉભી થયેલી હતી. તેની અંદર શેઠ લગલભાઈ હાથીભાઈએ રૂા. ૧૬૧૦૦) શેઠ મોતીવાલા રૂા. ૩૦૦૧ બીજા એક ગ્રહસ્થે રૂા. ૧૦૦૦) શેઠ હીરાચંદ માણેકચંદે રૂા. ૫૦૦) શેઠ કેશવલાલ ખીમચંદે તથા ધનજી પ્રેમચંદે રૂા. ૫૦૦) અને શેઠ માણેકચંદ કપૂરચંદના પુત્રે રૂા. ૨૦૦૦)ની કબુલત આપી સારી ઉદારતા દર્શાવી હતી સિવાય પૂનાની પાઠશાલા માટે શેઠ કસ્તુરચંદ અમરચંદે રૂા. ૫૦૦) શેઠ કીશનદાસ પ્રેમચંદ તથા ધનજી પ્રેમચંદે રૂા. ૫૦૦) તથા રાયબદરીદાસજીએ કેળવણીમાં રૂા. ૨૦૧) અને પેહલા દિવસે પ્રમુખ સાહેબે કોન્ફરન્સ નિભાવ ફંડમાં રૂ. ૧૦૦૦) તથા કેળવણી ફંડમાં રૂા. ૧૦૦૧) આપ્યા છે. ઉપરાંત અમદાવાદવાળા શેઠ મનસુખભાઈ ભગુભાઈ તથા શેઠ લાલભાઈ દલપતભાઈએ નિભાવ ફંડમાં અનુક્રમે રૂા. ૭૫૦) તથા ૫૦૦) આપ્યા છે. આ પ્રમાણે બંને દિવસની મળી સારી રકમની સખાવત થઈ હતી. અને તે પછી આ સાતમી કોન્ફરન્સનું કાર્ય સમાપ્ત થયું હતું.

ત્યાર બાદ આઠમી કોન્ફરન્સ કયાં લઈ જવી તે વિષે અનેક વિચારો થયા બાદ કોન્ફરન્સના આદ્ય પિતા મી. ગુલાબચંદજી ઢઢ્ઢાએ આઠમી કોન્ફરન્સને માટે કોઈ તીર્થસ્થલમાં લઈ જવાની ઇચ્છા દર્શાવી હતી. અને તેથી શ્રી મલ્લીનાથજીના ચરણમાં કોન્ફરન્સ ભરાવાનો નિશ્ચય થયો હતો. ત્યારબાદ પ્રમુખ સાહેબનો આભાર માની અને તે આભાર માટે પ્રમુખ સાહેબના પ્રતિ વચન સાંભળી સાતમી વિજયવતી કોન્ફરન્સ જયજિનેંદ્રના નાદ સાથે વિસર્જન કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચોથી જૈન મહિલા પરિષદ્

કોન્ફરન્સનું કાર્ય ત્રણ દિવસમાં નિર્વીઘ્ને પુરૂં થતાં ચોથે દિવસે એટલે તા. ૨૫-૫-૦૯ના રોજ કોન્ફરન્સના મંડપમાં મહિલા પરિષદ્નો મેળાવડો દરવર્ષ મુજબ પુનામાં થયો હતો. આ વખતે કેવો ઉત્સાહ અને આનંદ વ્યાપી રહ્યો હતો તે શુમારે બે હજાર મહિલાઓની હાજરીજ કહી બતાવે છે. આ પરિષદ્‌માં ભાગ લેવા ઘણા દૂર દેશાવરથી જૈન બાનુઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રમુખ સૌ. શેઠાણી મીઠાબાઈ તે શેઠ મેઘજી ખેતશીના પત્ની જે કે આપણી કોમમાં એક વિદુષી બાનુ તરીકે જાણીતા હોવાથી તેમની થયેલ નીમનોકથી આ મહિલા પરિષદ્ અસાધારણ ફતેહવાળી અને પ્રશંસા પાત્ર ગણાઇ છે. આ મહિલા પરિષદ્‌માં જૈન બાનુઓ સિવાય મીસીસ કીંગ તથા થોડી દેશી અને ખ્રીસ્તી બાનુઓ તથા મરાઠા બાનુઓએ પણ હાજરી આપી હતી. ત્રીશેક જૈન બાનુઓએ વોલંટીયર તરીકે સ્તુતી પાત્ર કામ બજાવ્યું હતું.

પરિષદ્‌નું કામ એક વાગે શરૂ થયું હતું. બરાબર ૧૨ કલાકને ૫૫ મિનિટે પ્રમુખ શેઠાણી મીઠાબાઇ મંડપમાં પધારતાં હાજર રહેલ તમામ સ્ત્રીઓએ આનંદદાયક શબ્દોવડે આવકાર આપ્યો હતો. સૌએ પોત પોતાની બેઠક લીધા બાદ મંગળાચરણનાં ૪ (ચાર) ગાયનો શરૂ થયાં હતાં.

સ્વાગત કમીટીના પ્રમુખ સૌ. પાર્વતીબાઇએ પ્રથમ આવકાર આપનારૂં ભાષણ શરૂ કર્યું હતું. ત્યારબાદ.

મહિલા પરિષદ્‌ના પ્રમુખ સૌ. શેઠાણી મીઠાંબાઈએ પોતાનું પ્રમુખ તરીકેનું ભાષણ શરૂ કર્યું હતું. તેમના ભાષણમાં સ્ત્રી કેળવણી કેવા પ્રકારની હોવી જોઇએ, બાલ લગ્ન, કન્યાવિક્રય, વૃદ્ધ વિવાહ, નાતરા, લેતી દેતીના રિવાજો, રડવા કુટવાના રિવાજો, વિધવાઓ અને નિરાશ્રીત બેહેનો—દયા—સત્સંગ—સંપ—પતિ પ્રતિની ફરજો વિગેરે વિષયો ઉપર બહુ સારી રીતે વિવેચન કર્યું હતું. ત્યારબાદ નીચે મુજબના ઠરાવો રજુ થતાં તે આનંદ સાથે વધાવી લેવામાં આવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ ૧ લો.

### કેળવણી.

સ્ત્રી જાતીની સંપૂર્ણ ઉન્નતિ અર્થે આપણી બાળાઓને ધાર્મિક, નૈતિક, માનસિક અને શારીરિક કેળવણી ઉત્તમ પ્રકારની મળે, તથા મોટી વયની સ્ત્રીઓને યોગ્ય ઔદ્યોગિક અને ધાર્મિક શિક્ષણ અપાય તેવી સંસ્થાઓ સ્થાપવાની આ પરિષદ આવશ્યક્તા સ્વીકારે છે અને શહેર શહેરના ધનાઢય જૈન બંધુઓ તથા બ્હેનોને તેવી સંસ્થાઓ સ્થાપવા માટે ખાસ આગ્રહ કરે છે.

## ઠરાવ ૨ જો.

### સ્ત્રીનાં કર્તવ્ય.

પતિ, વડીલો, બાળકો, સ્નેહી બંધુઓ અને દાસજન પ્રતિ પોતનાં કર્તવ્યો, ફરજો સ્ત્રી સમજતી થાય એવા પ્રકારનો ઉતમ બોધ અપાય તેવી ગોઠવણ કરવાની આવશ્યકતા આ પરિષદ સ્વીકારે છે.

## ઠરાવ ૩ જો.

### હાનીકારક રીવાજ.

બાળલગ્ન, રડવું કુટવું વીગેરે હાનીકારક રીવાજોથી આપણી સાંસારિક સ્થીતિ ઘણી શોચનીય થઇ છે. તે રીવાજની અયોગ્યતા દર્શાવી, તેને જડ મુળથી દુર કરવાને આ પરિષદ આગ્રહ કરે છે.

## ઠરાવ ૪ થો.

### વિધવાશ્રમની આવશ્યકતા.

આપણી અનાથ વિધવાઓ સુખી થાય તે માટે વિધવાશ્રમ ખોલવાની, તેમજ નિરાશ્રિત બહેનોને નિર્વાહનાં સાધનો પુરાં પાડવાની આ પરિષદ અત્યંત જરૂર ધારે છે.

ત્યારબાદ મુંબઇ સરકારના કેળવણી ખાતાના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર મી. કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય બી. એ. વગેરે વિદ્વાન વક્તાઓએ સ્ત્રી ધર્મ સમજાવ્યા હતા.અને સ્ત્રી વક્તા તરીકે બેન પુરી બહેન, બ્હેન સોનબાઇ, વાલી વીરચંદ, તારાબઇ છગલાલ ગણુપતદાસ, મણીબેન કેશવલાલ, બેન તારાબાઈ ચુનીલાલ પનાલાલ, બેન ચંચલ સારાભાઈ વીરચંદ, મીસીસ માણેકબાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હીરાલાલ, તથા બેન હીરાવતી અમરચંદ પી. પરમાર વગેરે બ્હેનોએ પોત પોતાના ધર્મ માટે લંબાણથી વિવેચન કરવા પછી પ્રમુખ તેમજ આવેલ બાનુઓનો ઉપકાર માની પરિષદ બરખાસ્ત કરવામાં આવી હતી.

ખુશી થવા જેવું એ છે કે આ વખતે સ્ત્રી પરિષદમાં ધનવાન નહિ પણ વિદ્વાન પ્રમુખની ચુંટણી કરવા માટે ખાસ સંભાળ રાખવામાં આવી હતી. અને વોલંટીઅર તરીકે પણ સ્ત્રી વર્ગ બહાર આવ્યો હતો. તથા તે ઉપરાંત બોલો ને ન બેસી રહેતાં સ્ત્રી કેલવણીના ઉત્તેજન અર્થે એક ફંડ ખોલ્યું હતું કે જેમાં રૂા. ૧૦૦૧ બેન તારાબાઇ ચુનીલાલ પનાલાલ, ૨૫૧ પ્રમુખ બાઇ મીઠાબાઇ ૧૦૧ મીસીસ અમરચંદ તલકચંદ, ૧૨૫ મીસીસ મોતીચંદ ભગવાનદાસ, ૫૦ મીસીસ માણેકચંદ ૧૦૧ મીસીસ છગનલાલ ગણુપતદાસ, ૨૫ મીસીસ મગનલાલ કંકુચંદ અને બીજી પરચુરણ સખાવત મળી સારો સરવાળો થયો હતો.

આ વખતે કોન્ફરન્સમાં ૧૩૦૦ ડેલીગેટો ૨૫૦૦) વીઝીટરો અને લગભગ ૮૦૦) બાનુઓએ હાજરી આપી હતી. આ પ્રસંગે કોન્ફરન્સના બંધારણને માટે જનરલ સેક્રેટરીઓ, મદદગાર સેક્રેટરીઓ, પ્રાંતિક સેક્રેટરીઓ અને ઓડીટરોની યોજના કરવામાં આવી હતી. આ પ્રમાણે સાતમી કોન્ફરન્સે પોતાનું કાર્ય બજાવ્યું છે; પણ અમારે કહેવું જોઇએ કે, કોન્ફરન્સનું જે સ્વરૂપ પ્રથમ જોવામાં આવતું હતું, તેવું સ્વરૂપ તે મેલવી શકી નથી. દક્ષિણના જૈન બંધુઓએ પોતાથી બને તેટલો પ્રયત્ન કર્યો છે, ઉત્સાહ રાખી આગતા સ્વાગતા કરી છે, પણ કોન્ફરન્સના નાયકોના અને હીમાયતીઓના હૃદયમાં ઉત્સાહનો પ્રવાહ ગમે તે પ્રકારે શિથિલ થઇ ગયો છે, એમ કહેવું જોઇશે.

જ્યારે આપણી જૈન કોન્ફરન્સ ઊદિત થઇ તેના આછા આછા કિરણો ભારતના જૈન મંડલમાં પ્રસરતા હતા, અને નેતાઓના હૃદયમાંથી ઊત્સાહના અંકુરો પ્રગટ થતા હતા. તે વખતે આપણા હૃદયમાં જે ઉંડી આશાઓ બંધાણી હતી, તે આશાઓ હાલનું પ્રવર્ત્તન જોતાં વેળાસર પૂર્ણ થાય તેમ દેખાતું નથી. વારંવાર તેના તે ઠરાવોનું આવર્ત્તન થયા કરે છે, તે જોઇએ તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે અને જોઇએ તેટલા સમયમાં અમલમાં મુકાએલા જોવામાં આવતા નથી. કોન્ફરન્સના કેટલાક હિમાયતીઓ પ્રસંગે કેટલાક ઠરાવનું ઉલંઘન પણ કરે છે.

કોન્ફરન્સના હિમાયતીઓ, આગેવાનો, સ્થંભો, અને વક્તાઓ અને લાગણીવાળાએ તો એવા દ્રઢ મનવાળા રેહેવું અને થવું જોઇએ કે, કોન્ફરન્સમાં ચર્ચાતા વિષયો તેઓ દ્રઢ પણે પાળવા બંધાયેલા છે, એટલુંજ નહીં પણ તેઓનાથી બને તેટલા લાંબા સરકલમાં તેમણે પોતાથી બનતા પ્રયત્નો કરી પળાવવા હમેશાં તૈયાર રેહેવું જોઇએ. અને જ્યાં સુધી તેવા દ્રઢતાવાળા અનેક માણસો નહીં નીકળે ત્યાં સુધી આપણે જોયું તેમ સાત વર્ષ થયા કોન્ફરન્સ જોઇએ તેવો લાભ મેલવી શકી નથી. તેણે લક્ષ્મીના મોટા ફંડ કર્યા છે, પણ તે માત્ર આંકડા જોઇને રાજી થવાનું છે. તેનો જોઇએ તેવો સમુદાયને લાભ થયો નથી. પ્રાચીન પુસ્તકોના ઉદ્ધારની, જૈન વાંચનમાલા પ્રગટ કરવાની અને બીન ઉદ્યોગી અને કેલવાએલા જૈનોને મદદ આપવાની (માત્ર વાતો) દર વર્ષે વિચારો થયાજ કરે છે. શ્રીમંતો કીર્ત્તિ અને શરમથી, વ્યાપારીઓ વ્યાપાર કરવાના સાધનો મેલવવાની ઇચ્છાથી, વિદ્વાનો વક્તા તરીકે બાહેર પડવાની ઇચ્છાથી, અને ગ્રંથકારો હેન્ડબીલો વેહેંચવાના ઇરાદાથી, અને આસ્તિકો યાત્રાની વાંછાથી કોન્ફરન્સમાં ભાગ લેવા આવતા હોય તેમ દેખાય છે. કોન્ફરન્સના કાર્યને વહન કરનારા, સાધર્મિ બંધુઓની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિ જોવાની અભિલાષા રાખનારા વિરલા પુરૂષોજ તેમાં ભાગ લેતા હશે.

અમે ક્ષમા માગી સત્ય કહીએ છીએ કે, ભારત વર્ષના સર્વ ધર્મ બંધુઓ કોન્ફરન્સનું મહાન કાર્ય ત્રિકરણ શુદ્ધિથી જો ચલાવશે, તો જૈન કોન્ફરન્સ ભારતની સર્વ પ્રજાઓમાં સારો વિજય મેલવશે અને જૈન પ્રજાની સર્વ પ્રકારની ઉન્નતિ સાધી શકશે. શ્રી વીર શાસનના પ્રભાવિક દેવતા સર્વના હૃદયમાં તેવી પ્રેરણા કરો.

તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્ત્રી કેળવણીની આવશ્યકતા.

( ગતાંક પૃષ્ઠ ૨૫૪ થી શરૂ: )

બંધુઓ? આટલા ઉપરથી સમજવામાં આવ્યું હશે કે સ્ત્રીઓને કેળવણી આપવાની આવશ્યકતા છે. અને તે અનાદિ કાળથી અપાતી આવેલી હોવાથી અત્યારે આ કાળમાં તેની શરૂઆત થાય છે તેમ નથી પરંતુ હરેક કાળમાં હરેક સ્ત્રીને આપવી તે યોગ્ય છે.

હવે જ્યારે સ્ત્રીઓને કેળવણી આપવી તે વ્યાજબી છે તો તે કેવા પ્રકારની કેળવણી આપવી જોઈએ તેના સંબંધમાં જણાવવું અગત્યનું છે. જ્યારે છોકરાઓને સામાન્ય કેળવણી અને ધાર્મિક કેળવણી ઉપરાંત કોઇપણ હુન્નર, કળા કે ઔદ્યોગિક કેળવણી આપવાની જરૂર છે; ત્યારે સ્ત્રીઓને પણ સામાન્ય કેળવણી અને ધાર્મિક કેળવણી સાથે તેઓ ઘરમાં રહીને કરી શકે તેવા હુન્નર, ઉદ્યોગ, કળા વિગેરેની કેળવણી આપવાની આવશ્યકતા છે.

કેટલાક મનુષ્યો કહે છે કે સ્ત્રીઓને પ્રાચીન અર્વાચીન ઇતિહાસ અને ભૂગોળ વિગેરેનું જ્ઞાન આપવાની જરૂર નથી પરંતુ વિચારવું જોઈએ કે જો સ્ત્રીઓ ઇતિહાસ ભૂગોળ વિગેરેની જાણીતી હશે તો પોતે કયા દેશમાં રહે છે, પોતાનો શું ધર્મ છે તે, તેમજ પ્રાચીન અર્વાચીન કળાના મહા પુરૂષો અને મહા સતીઓને ચરિત્ર, તેમજ તેઓએ પાળેલો ધર્મ, તેઓનું ચારિત્ર, તેઓની ધાર્મિકવૃત્તિ અને શીયળ જેવા મહાન વૃતો જે અનેક મરણાંત કષ્ટો સહન કરી સાચવી રાખી કાઢેલી નામના, તેમજ તેઓમાં રહેલ પરાક્રમ, ધૈર્ય, પવિત્રતા, સદ્દગુણો વિગેરે પોતે જાણી આદરીને પોતાના બાળકોમાં તેનું આરોપણ કરી શકશે. માટે તેની પણ જરૂર છે.

વળી તે સાથે સ્ત્રીઓને શારિરીક કેળવણીની પણ અગત્યતા છે. કારણ કે પોતાનું અને પોતાના બાળકોનું આરોગ્ય પૂર્ણ જાળવવાને તેની પણ જરૂર પડે છે. જો સ્ત્રી પોતે આરોગ્ય હશે, કે તેનું જ્ઞાન હશે તો તેના બાળકો નિરોગી રહેશે. પોતાને તેમજ બાળકને કયો કયો ખોરાક, હવા, જલ વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માફક છે, તેમજ કયા કયા ઉપચારો કયે કયે વખતે કરવાના છે, તે વિગેરેના જ્ઞાનના અભાવે (શારીરિક કેળવણીના અભાવે) અને બેદરકારીએ કેટલીક સ્ત્રીઓ અને તેના બાળકો અનેક જાતના વ્યાધિઓથી પીડાયછે, અને છેવટે ખોડ ખાપણવાળા થતાં કદાચ અંત પણ આવી જાય છે તેવું આપણા જોવામાં આવે છે.

પોતાના ઘરની આવક કરતાં ઓછો ખર્ચ કરી પૈસાનો બચાવ કરી કુટુંબને આબાદ કરવા, ગ્રહવ્યવસ્થા સારી રીતે કરી ઉપજ ખર્ચનો હિસાબ રાખી ખર્ચ ઉપર બરાબર અંકુશ રાખવા વિગેરે કાર્યો માટે પણ સાધારણ ગણિતના જ્ઞાનની પણ સ્ત્રીઓને જરૂરીઆત છે.

સાધારણ વાંચવા લખવા પુરતુંજ જ્ઞાન કે જે જ્ઞાન માત્ર મોઢે પોપટની જેમ મીઠું મીઠું બોલી કે લખી, પોતાના પતિના મનરંજન કરવા, તેમજ પુરૂષના હાથનું એક રમકડું બની કે પુરૂષને પોતાનું રમકડું બનાવી માત્ર ભોગ વિલાસના સાધન રૂપે, અલંકાર રૂપે, કે પુતલા તરિકે બને કે બનાવે તેવી કેળવણી આપવાની બીલકુલ જરૂર નથી; પરંતુ સારા સારા પુસ્તકો વાંચી ધાર્મિક કે નૈતિક જ્ઞાનમાં વધારો કરવા, તેમજ પોતાના કુટુંબની કે શેરીની, તેમજ સગા સંબંધી મિત્ર કે કોમની સ્ત્રીઓને તેવું જ્ઞાન સંપાદન કરાવી તેઓને ઉન્નત બનાવવા, તેઓના દુખો દુર કરવા, તેમજ વ્યહવાર અને ધર્મ કુશળ વિગેરે થવા માટે માનસિક અને અધ્યાત્મિક કેળવણી પણ આપવાની ખાસ અગત્યતા છે.

ઘરનું કામકાજ આટોપ્યા બાદ નવરાશના વખતમાં શીવવા, ગુંથવા–ભરવા વિગેરે બાબતની કેળવણી આપવાનીં પણ જરૂર છે; કારણ કે તેવી કેળવણી આપવાથી નવરાશના વખતે થતી કુથલી, નીંદા કે કલેશ મટે છે, તેટલુંજ નહીં પરંતુ ગરીબ અવસ્થાના પ્રસંગે ઘરના ખર્ચ ખૂટણ વિગેરેની બાબતમાં પણ પોતાના પતિને ભરણ પોષણમાં મદદ કરનારી કે કુટુંબને નિભાવવાના કામમાં ભાગીદાર બને છે તેથી તેની પણ જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના પતિને પરમેશ્વર તુલ્ય માની તેની આજ્ઞા મુજબ વર્તન કરનારી, મીષ્ટ વચનો બોલી પતિને શાંતિ આપનારી, તેમજ પતિની આવક ઉપર નજર રાખી ઘરસૂત્ર ચલાવનારી, તેમજ પતિભક્તિ પરાયણ, સહધર્મ ચારિણી, સુખ દુઃખની ભાગીયણ, ઉત્તમ સલાહકાર, પૂર્ણ સંતોષી, વિગેરે બને તેવીજ કેળવણી સ્ત્રીઓને આપવાની ખાશ અગત્યતા છે.

જે કેળવણીથી સ્ત્રીની લાગણી તીવ્ર બને-તેમજ તે અસંતોષી બને, નાજુકાઈ-તકલાદીપણું, બીજા કરતાં વધારે સુંદર અને વસ્ત્રાભૂષણ અને અલંકારથી લોકો ઉપર વધારે અસર કે ખેંચાણ કરનારી બને, કે ખોટો ડોળ, ઠઠેરો કરનારી-ઉડાઉ-બેદરકારી-રીસાળ-સ્વાર્થી, અને અપવિત્ર બને તેવી, તેમજ ધર્મની શ્રધ્ધા ઓછી થતી જાય તેવી કેળવણી તે ખરી કેળવણી નથી, પરંતુ ટુંકામાં જે કેળવણીથી સ્ત્રીઓની નાજુકાઈ, તકલાદીપણું કે નિર્બળપણાને બદલે નિરોગી શરીર અને બળવાન, બીકણને બદલે નિર્ભય, હિંમતવાન, ધીરજવાળી, અપવિત્રને બદલે પવિત્ર, અસંતોષીને બદલે સંતોષી, ઉડાઉને બદલે કરકસર કરનારી, બેદરકારીને બદલે ઉપયોગવાળી, રીસાળને બદલે શહનશીલ, સ્વાર્થીને બદલે પરમાર્થી, વૈસવી અને ભોગવિલાસી થવાને બદલે ગૃહસંસાર (વ્યવહાર) શુદ્ધ ચલાવનારી, બને તેમજ પૂર્વકૃત કર્મોને લઈને અને કજાતની તંગીના સબબે ખોટા વ્હેમમાં ઘેરાવા ફસાવાને બદલે સદ્ધર્મ અને પ્રભુ ભકિતમાં શ્રદ્ધાવાન બને, તેવી માનસિક અને અધ્યાત્મિક કેળવણી આપવાની આવશ્યકતા છે. એવી કેળવણી આપવાથીજ સ્ત્રીઓમાં સદ્ગુણો પ્રાપ્ત થતાં પોતાની કુટુમ્બની-કોમની કે દેશની, અને તે સાથે ભવિષ્યની પ્રજાની પણ ઉન્નતિ તેઓ કરી શકશે.

જેમ ઉપર બતાવ્યા પ્રમાણે શારીરિક માનસિક કેળવણી ઉપયોગી છે, તેવીજ રીતે બલ્કે તેથી પણ વધારે અધ્યાત્મિક કેળવણી પણ ઉપયોગી છે. અને તે નાનપણમાં શરૂઆતથીજ અપાવવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ. તેને માટે પાશ્ચિમાત્ય વિદ્વાન નર–હુક્સલી કહે છે કે—"વિદ્યા અને ધર્મ જોડીઆઇ બેનો છે, તેમને એકબીજાથી જુદા પાડવાથી બંન્નેનો કાળ આવે છે. વિદ્યામાં જેમ ધર્મ વધારે તેમ તેની વૃધ્ધિ થતી જાય છે."

વળી હરબર્ટ સ્પેન્સર જેવા વિદ્વાન કહે છે કે "ખરી વિદ્યા તેનું નામ કે તે વાસ્તવિક રીતે છેવટ ધાર્મિક થાય છે. અને તેને લઇનેજ યુરોપાદિ દેશોમાં ધર્મની કેળવણી શરૂઆતથી સાથે અપાય છે. જેથી આપણે આપણી શાળાઓમાં પણ ધાર્મિક (અધ્યાત્મિક કેળવણી) કેળવણીને માનસીક અને શારીરિક કેળવણી સાથેજ દાખલ કરવાની ખાશ જરૂર છે.

સ્ત્રીઓને આપવામાં આવતી કેળવણીની સાથે ઉપર બતાવેલી હકીકતનું સંમેલન કરતાં માત્ર તે ચાર પ્રકારની છે.

૧—ગ્રહશિક્ષણ, ૨ વ્યવહારિક શિક્ષણ, ૩ ગૃહકાર્ય ક્રમશિક્ષણ અને ૪ અધ્યાત્મિક શિક્ષણ, આ ચારે શિક્ષણમાં તમામ શિક્ષણનો સમાવેશ થાય છે. વળી તે વય પ્રમાણે કુંમારી અવસ્થા, યૌવનાવસ્થા અને પ્રૌઢાવસ્થા મળી ત્રણ અવસ્થા એ વ્યવહારિક અને ધાર્મિક કયા કર્તવ્યો કરવાના છે, તેનું સંપૂર્ણ જ્ઞાન તેને વ્યવહારિક શિક્ષણ (ગૃહશિક્ષણ, ગૃહસત્તા, ગૃહકાર્યક્રમ, વ્યવહારકુશળપણું વગેરે) અને બીજું અધ્યાત્મિક શિક્ષણ કહેવામાં આવે છે.

ઉપર બતાવ્યા પ્રમાણે કુટુંબનો, કોમનો, દેશનો જો ઉદય કરવા માંગતા હોઇએ, ભવિષ્યની પ્રજાની ઉન્નતિ ઇચ્છતા હોઇએ, કોમમાં જનસમાજમાં કે દેશમાં સંખ્યાબંધ ધાર્મિક સ્ત્રીઓ સીતા–ચંદનબાળા–સુભદ્રા વિગેરે જેવી પવિત્ર સ્ત્રીઓ ઉત્પન્ન કરવા માંગતા હોઇએ, આપણે ગ્રહસંસાર (વ્યવહાર) સુધારવા કે ઉન્નત કરવા જરૂરીઆત જોતા હોઇએ, હાલની સ્ત્રીઓ કે જે ભવિષ્યની માતાઓ થવાની છે તેને વીર પુરૂષની માતાઓ બનાવવા માંગતા હોઇએ તો તેઓને ખાસ ઉપર મુજબની બન્ને પ્રકારની કેળવણી આપવાની આવશ્યકતા છે. અને જ્યારે તે બાબતમાં પુરેપુરો યત્ન કરવામાં આવશે ત્યારે–કુટુમ્બ–કોમ કે દેશ ઉપર લટકતાં અજ્ઞાન રૂપી અંધકાર, ગરીબાઇ, દુઃખ, કલેશ, અશાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિ, ઉદ્વેગ, અધર્મ, વિગેરે દુર થઇ સર્વત્ર સુખ, સંપત્તિ, જ્ઞાન પ્રકાશ, સામર્થ્ય, આનંદ, શાંતિ વિગેરે પ્રાપ્ત થશે. જ્યારે આવો વખત આવશે ત્યારે કુટુમ્બ કોમ કે દેશને પોતાની પ્રતિષ્ઠા, ગૌરવ, સર્વોત્કૃષ્ટપદ, કીર્તિ વિગેરે મેળવવાને કોઇપણ જાતની અડચણો ભોગવવી પડશે નહીં.

જે કાળમાં કે જે દેશમાં આવી ઉંચી જાતની સ્ત્રી કેળવણી આપવામાં આવતી હશે, તે કાળમાં કે તે દેશમાં વસનારી પ્રજા કેવી સુખી હશે તેનું ભાન આપણે તેમાં પછાત હોવાથી શીરીતે થઇ શકે? કેળવણી એ કલ્પવૃક્ષ હોવાથી તે હરેક કાળમાં, હરેક કોમમાં, હરેક દેશમાં, હરેક વય અને સ્થિતીમાં, સ્ત્રી અને પુરૂષ બંનેને સરખી રીતે લાભદાયી અને ફળદાયી છે, તેથી હરેક સ્ત્રી પુરૂષે પોતે પોતાનાં બાળક બાલિકા, કે કુટુમ્બ સગા સંબંધી જ્ઞાતિ કે દેશમાં તે દાખલ કરવા અને મેળવવાની ખાસ અગત્યતા છે.

( પૂર્ણ. )
V.

# સાચું સુખ શેમાં સમાયેલું છે?

( ગતાંક પૃષ્ઠ ૨૫૧ થી શરૂ. )

આ પ્રમાણે બાહ્ય ઇંદ્રિયોદ્વારા મળતું સુખ ક્ષણિક હોવાથી તેનો બાહ્ય પદાર્થોમાં શોધ કરવો તે આકાશ કુસુમવત્ નિષ્ફળ છે, કારણ કે બાહ્ય દેખાતા પુદ્ગલિક પદાર્થો સ્થીર નથી. પરંતુ તેમાં અનેક પલટન ભાવ ક્ષણે ક્ષણે થયા કરતો હોવાથી તેમાંથી શાશ્વત સુખ કદાપિ મળી શકેજ નહીં. શાશ્વત સુખ જેમાંથી મળી શકે તેની પોતાની સ્થીતિ શાશ્વત અને અચળ ગુણ સ્વભાવવાળી હોવી જોઇએ. જેથી તેની બાહ્ય શોધન ન કરતાં આપણા આત્મામાંજ તે કરવાની છે. અને જ્યારે આત્મધર્મની સેવના કરવામાં આવશે ત્યારેજ તે અનંતુ શાશ્વત સુખ પ્રાપ્ત થશે. જેથી આત્મામાંથી તે મેળવવા માટે અધ્યાત્મ જ્ઞાનની જરૂર છે. અધ્યાત્મ જ્ઞાનીઓ આત્માના અનંત સુખનો, દેહ છતાં પણ અનુભવ કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધ્યાત્મ જ્ઞાનના અંજનવડે આત્મા પોતાને લાગેલા કર્મો સૂર્ય જેમ અંધકાર દુર કરી પોતાનોપ્રકાશ બાહાર ફેંકે છે તેમ કર્મ રૂપ અંધકારને ફેંકી દઇ પોતાની અનંતી શક્તિ અને રિદ્ધિને પ્રગટ કરે છે.

જેમ જેમ આત્મા પુદ્ગલ પરમાણુંઓથી છુટો થઇ પોતાના સ્વરૂપમાં રમણતા કરે છે, તેમ તેમ અનંત સુખ પ્રાપ્ત થતું જાય છે. જેમ જેમ જડ અને પરવસ્તુમાં પોતાપણું મટી સ્વ-વસ્તુમાં પોતાપણું થતું જાય છે, તેમ તેમ સાચું સુખ પ્રાપ્ત થતું જાય છે. આવું શાશ્વતું અને અચળ સુખની સિદ્ધિ કાંઇ તત્કાળ થતી નથી. પ્રતિદિન ઉત્સાહથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં મંડયા રેહેવાથીજ તેવા નિત્ય અને સાચા સુખનો અનુભવ થશે. આવા અત્યુત્તમ કાર્ય કરવા માટે જ્યારે ઘણોજ ભોગ આપવામાં આવશે ત્યારે કર્મ રૂપ શત્રુને છેદી, આત્મા પોતાની અનંત અખૂટ રિદ્ધિ યાને સાચું સુખ પ્રાપ્ત કરી શકશે. આત્માની પોતાની જ તે વસ્તુ હોવાથી અને શોધનાર પણ તેજ હોવાથી પોતે પ્રયત્નવડે તે મેળવી શકે એમાં આશ્ચર્ય નથી. જેમ ભૂખ્યોમનુષ્ય આહારને, તૃષાતુર પાણીને, વૈભવી ભોગવિલાસને પ્રાપ્ત કરવા મેહેનત કરી મેળવે છે, તેમ દરેક મનુષ્ય જો પોતાનું સાચું સુખ મેળવવા યત્ન કરે તો તે પણ તેઓ મેળવી શકે.

સાચું સુખ જે નિર્વિકલ્પ દશાનું સુખ છે તે વાણીથી અ-ગોચર છે, અને જ્ઞાની મહારાજાઓ પણ તેનું વર્ણન કરી શકતા નથી. અતિન્દ્રિય એવું આ આત્મિક સુખ તેનો અનુભવ આત્માજ કરી શકે છે, પરંતુ ઇંદ્રિયો કરી શકતી નથી. આવા શાશ્વત સુ-ખના ભોક્તા પુરૂષોને રાજા, શેઠ કે ઇંદ્રની પણ દરકાર હોતી નથી. તેથી જે પુરૂષોએ પોતાના આત્મામાં રહેલા સત્ય સુખમાં શ્રદ્ધા-ધારી છે તેનેજ તે સાચું સુખ મળી શકે છે. આત્મશ્રદ્ધા અને આત્મબલથી અંતરમાં ઉતરી આત્મ સુખને શોધી તેનો અનુભવ કરવો એજ શ્રેષ્ટ કર્તવ્ય છે. આવું સાચું સુખ પ્રાપ્ત કરવા માટે અધ્યાત્મ જ્ઞાનની જરૂર છે. અને તેના સિવાય બીજો કોઈ ઉપાય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માથી ભિન્ન એવા દેહ, વિષયાદિથી સુખની ઈચ્છા જે રાખતો નથી અને આ સંસારમાં દેખાતું સુખ જેને ભયરૂપ અગ્નિની ભસ્મ જેવું લાગે છે તેજ ખરૂં સુખ મેળવી શકે છે.

જ્ઞાન, દર્શન વગેરે જે આત્માની લક્ષ્મી છે તેથી જે સુખ ઉપજે છે તેજ સાચું સુખ છે. અને તેવા સુખમય થવાની દરેક આત્માને જરૂર છે.

ઇંદ્રિયોદ્વારા બાહ્ય મળતું પુદ્ગલિક સુખ, કે તેની પૂર્ણતા, આત્માની પોતાની ન હોવાથી અને તે પર ઉપાધિથી થયેલ હોવાથી માગી લાવેલા દાગીના જેવું છે. જેમ એક માણસ પોતાને ત્યાં શુભ પ્રસંગે પારકી ચીજો લાવી પોતાની શોભા અને પૂર્ણતા બતાવી સુખ માને છે, પરંતુ તે પ્રસંગ વ્યતિત થતાં તે શોભા અને તેનાથી મનાતું સુખ જેમ મટી જાય છે, તેમજ બાહ્ય દેખાતા સુખો પણ પર વસ્તુમાંથી થયેલ હોવાથી તે સાચા કેહેવાતા નથી.

આવું સાચું સુખ કે જે બાહ્ય પદાર્થોમાં નહિં પરંતુ આત્મામાંજ રહેલું છે. જેથી આત્માના સ્વરૂપમાં રમણ કરવાથી તે સુખ પુરેપુરૂં પ્રાપ્ત થાય છે. તેથી સાચું સુખ મેળવવા પ્રયાસ કરનાર સજ્જન પુરૂષોએ આઠ પ્રકારનો મદ તજી, આત્મામાંથી મેળવવા માટે ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર, પરિવાર વિગેરે બાહ્ય પદાર્થો જે કે પર વસ્તુ છે, તેમાંથી થતી સુખની ભ્રાંતિ કે જે ભવોભવ ભટકાવનારી છે, તેનો ત્યાગ કરી જ્ઞાનાદિ રૂપ આત્માની લક્ષ્મીથી થતાં સુખમાં મગ્ન થવું. બાહ્ય પદાર્થોમાં મનાતું હું અને મારૂંપણું મૂકી દઇ જેણે શાક્ષીપણું ધારણ કરેલું છે તેઓએજ સાચું સુખ મેળવેલું છે. અને તેનેજ સાચું સુખ કહી શકાય છે. અને તે માત્ર આત્મામાં સમાયેલું એમ મહાત્માઓનું કથન છે.

સંપૂર્ણ.
V.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રબંધમાલા.

## જાવડશાહનું ચરિત્ર.

( ગતાંગ પૃષ્ટ ૨૫૮ થી ચાલુ. )

આ અરસામાં વિક્રમ રાજાનું મૃત્યુ થયું અને તેના રાજ્યાસન ઉપર તેનો પુત્ર વિક્રમસેન આવ્યો. તેણે પૂર્વની જેમ જિનદત્ત ની પાસે હાથીની માગણી કરી. જિનદત્ત તેવો હાથી આપી શક્યો નહીં, એટલે તે પાછો ગ્રામપતિ મટીને વ્યાપારી થયો હતો.

કેટલોક સમય ગયા પછી જિનદત્ત પોતાના પુત્ર ભાવડ ઉપર ગૃહ ભાર મુકી દીક્ષા લઇ ચાલી નીકળ્યો અને પછી અમુક સમય ચારિત્ર પાલી તે મૃત્યુ પામી દેવલોકમાં ગયો હતો.

ભાવડે સારો વ્યાપાર કરી દ્રવ્ય ઉપાર્જન કરવા માંડયું. અને પોતાના પિતાથી તે વિશેષ ઉદ્યોગી થયો હતો. અનુક્રમે ભાવડની સ્ત્રી સુલલિતા સગર્ભા થઇ. ગર્ભના યોગથી તેણીને દુષ્ટ દોહદ ઉત્પન્ન થયો. નઠારા સ્વપ્નોથી અને અપશુકનોથી એ ગર્ભમાં આવેલા પુત્રને દુષ્ટ જાણી ભાવડે તે જન્મેલા બાલકનો દાસીની પાસે ત્યાગ કરાવ્યો. મૃત્યુયોગમાં ઉત્પન્ન થયેલા તે બાલકને લઈ દાસી **માલહણી** નદીના તીર ઉપર આવેલા એક શુકા વૃક્ષ નીચે મુકી દૂર ચાલવા લાગી. દાસીને ચાલતી વખતે તે બાલકે ક્ષણવાર રૂદન કરીને કહ્યું કે, "એક લાખ સુવર્ણ મારૂં લ્હેણું છે, તે આપ્યા વિના મને કેમ છોડોછો ? જો મને તે મારૂં લ્હેણું નહીં આપો તો તમને અતિ ભયંકર અનર્થ ઉત્પન્ન થશે." દાસી આ વચનો સાંભળી તેને લઇ પાછી ઘેર આવી અને તેણીએ વાર્ત્તા ભાવડ શેઠને કહી સંભળાવી. તત્કાલ શ્રેષ્ટી ભાવડે તેની વધામણીના પ્રસંગે ઘણું ધન ખર્ચી નાખ્યું. ષષ્ટી સુધીમાં એક લક્ષ દ્રવ્યનો વ્યય થઇ ગયો એટલે તેજ દિવસે તે બાલક મૃત્યુ પામી ગયો હતો.

અનુક્રમે સુલલિતાને બીજો પુત્ર ઉત્પન્ન થયો હતો. જ્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પુત્ર પ્રસવ્યો, તે વખતે તેણીને દુર્નિમિત્ત પ્રગટેલા, તેથી તેને પણ દૂર કરવામાં આવતાં, તેણે ત્રણ લાખની માગણી કરી હતી. પૂર્વની પ્રમાણે તેટલું દ્રવ્ય તે નિમિત્તે ખર્ચાવાથી તે બાલક પણ મૃત્યુને પ્રાપ્ત થયો હતો.

આ પ્રમાણે બે પુત્રો નષ્ટ થયા, તથાપિ સદ્બુદ્ધિવાલા એવા ભાવડ અને સુલલિતાને જરા પણ શોક થયો ન હતો. તેમ તે ગુહ્ય વાત કોઇના જાણવામાં પણ ન આવી કે જેથી કોઇ કોઇને તે વાત કહે.

લોકો તે વિષે અનેક વાતો કરવા લાગ્યા. "ભાવડ શેઠની ઉપર કોઇ દેવ રૂષ્ટ થયો છે, કે જેથી તેના પુત્રો છઠ્ઠીના દિવસમાં જ મૃત્યુ પામી જાય છે."

અનુક્રમે સુલલિતાને ત્રીજો ગર્ભ રહ્યા હતો. તે ગર્ભ વખતે સારા સ્વપ્નો અને શુભ શુકનો થવાથી તે દંપતી હૃદયમાં આનંદ પામ્યા હતા. તેને પણ પ્રથમની માફક મુકવામાં આવતાં તેણે કહ્યું કે, ઓગણીશ લાખ સુવર્ણના દાનને અર્થે તમારે ઘેર મારો સમાગમ થયો છે. મને છોડી દ્યો કે રાખો તોપણ એટલા દાન પછીજ મારો તમારી સાથે વિયોગ છે. તેને માટે તમારી મારી ઉપર જે અધિક સ્પૃહા છે, તેજ પ્રમાણ રૂપ છે. તે વખતે ભાવડના સ્વજનોએ આવીને કહ્યું કે, "આ બાલકનું નામ અમે **જાવડિ** પાડીએ છીએ. તે મૃત્યુ પામે અથવા જીવે, પણ તેની ષષ્ટીની ક્રિયા અમેજ કરીશું અને તેનું પાલન પણ અમેજ કરીશું." સ્વજનોના આ વચન સાંભળી ભાવડ અને સુલલિતાએ તે વાત માન્ય કરી, તથાપિ તે પુત્ર તરફની પ્રીતિને લઇને તેમણે તે પુત્રનું પાલન-પોષણ કરવા માંડયું. અનુક્રમે પાલન પોષણ કરેલો જાવડિ મ્હોટો થયો, માતા પિતાએ તેને સારી રીતે ભણાવ્યો. જાવડિ જ્યારે યૌવન વયમાં આવ્યો, ત્યારે **સીતા** નામની એક કન્યાની સાથે તેનો વિવાહ કરવામાં આવ્યો હતો.

એક વખતે પર્વણીનો દિવસ આવતાં ભાવડ પોતાના કુટુંબ સાથે સિદ્ધાચલની યાત્રા કરવાને ગયો તે વખતે સ્નાનાદિકના અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવથી અશ્રુપાત કરતાં એવા પોતાના પિતા ભાવડને જોઈ જાવડિએ તેનું કારણ પૂછયું, એટલે ભાવડે તે કારણ યથાર્થ રીતે કહી સંભળાવ્યું હતું. જેમાં સિદ્ધાચલ તીર્થમાં જે આવશ્યકતા હતી, તે દર્શાવી હતી. પિતાની ઇચ્છા જાણી જાવડિએ ત્યાં પ્રતિજ્ઞા કરી કે, "મારે આ સિદ્ધગિરિ ઉપર શિલામય બિંબની સ્થાપના કરવી" પોતાના પુત્રના આ વિચાર સાંભળી ભાવડ હૃદયમાં ખુશી થયો હતો. તે વખતે ભાવડના જાણવામાં આવ્યું કે, હવે મારી આયુષ્ય અલ્પ છે, તેથી તેણે પોતાના **વીરમ** નામના મિત્રને બોલાવીને જાવડિની ભલામણ કરી. તેપછી ભાવડ અનશન વ્રત લઇ સત્યાવીશ દિવસે મ્રત્યુ પામ્યો હતો. અને તેની સ્ત્રી સુલલિતા પણ તત્કાલ તેની પાછળ મૃત્યુ પામી હતી.

પોતાના માતપિતા મૃત્યુ પામવાથી જાવડિ શોકાતુર થયો હતો. તેણે તેમના મરણ પાછળ ઓગણીશ લાખ સુવર્ણનો વ્યય કરવાનો નિશ્ચય કર્યો હતો. અનુક્રમે જાવડિ માતપિતાના શોકથી રહિત થયો અને અનેક સુકૃત કરવાને તે તત્પર થયો હતો.

એક વખતે પિતાના વચનનું સ્મરણ કરી જાવડિ પોતાના પિતાના મિત્ર વિરમને બોલાવી ઘરનો સર્વ ભાર તેની ઉપર આરોપિત કરી પોતે ઉત્તર દિશામાં ચાલી નીકળ્યો હતો. દેવતાના તે કાશ્મીર દેશમાં આવ્યો અને ત્યાં આવેલા **નવપલ્લી** નામના એક શેહેરમાં સારાઉતારામાં ઉતર્યો હતો. ત્યાં તેના સાંભળવામાં આવ્યું કે, એક સૂત્રધાર ( કારીગર ) ને ત્યાં શ્રી ઋષભદેવ ભગવાન્, ચક્રેશ્વરી અને પુંડરિકજીની ઘણી સુંદર ત્રણ મૂર્તિઓ છે. આ સાંભળી જાવડિ તે કારીગરને ઘેર ગયો અને નવલાખ સુવર્ણની કીંમતે તેણે તે ત્રણ પ્રતિમાની માગણી કરી. કારીગરે તે આપવાની કબુલાત આપી અને તેના સાટાને માટે અમુક દ્રવ્ય આપી કરાર કરી આવ્યો. પછવાડે જ્યારે તે કારીગરોના જાણવામાં આવ્યું કે, તે ત્રણ પ્રતિમાની કીંમત કોટી દ્રવ્યની છે; ત્યારે તેઓએ પો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાનો કરાર તોડયો અને તેમણે આવી જાવડિને કહ્યું છે કે, ' અમારા વડીલોને આ વાત રૂચિકર લાગતી નથી, તેથી અમે તે ત્રણે પ્રતિમાને તમને તેટલા મૂલ્યથી આપી શકીશું નહીં. ' કારીગરોના આ વચન સાંભળી જાવડિએ કરાર પ્રમાણે પ્રથમ આપેલું દ્રવ્ય માગ્યું, ત્યારે તેઓએ તે દ્રવ્ય આપવાની ના કહી, આથી જાવડિના મનમાં રોષ ઉત્પન્ન થઇ આવ્યો. પછી જાવડિએ તે નગરના રાજાને એક ઉત્તમ જાતનો અશ્વભેટ કર્યો અને રાજાની પૂર્ણ પ્રીતિ સંપાદન કરી લીધી. પછી જાવડિએ તે કારીગરોએ તોડેલા કરારની વાત રાજાની પાસે નિવેદન કરી એટલે રાજાએ તે કારીગરોને બોલાવી ઠપકો આપ્યો. તેથી ભય પામી કારીગરોએ માફી માગી અને તે ત્રણે પ્રતિમાઓ જાવડિને આપી.

જાવડિની આવી ધાર્મિક વ્રત્તિ જોઇ રાજા તેની ઉપર સંતુષ્ટ થયો અને તેણે **પદ્મા** નામની પોતાની પુત્રી જાવડિને આપી. જાવડિ રાજપુત્રી પદ્માને પરણી રાજાની આજ્ઞા લઈ પોતાના નગરમાં પાછો આવ્યો હતો. જાવડિએ દશલાખ સુવર્ણ દ્રવ્યનો વ્યય કરી તે પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી અને તે પ્રસંગે સ્વજનોને અને યાચકોને અગણિત દાન આપ્યા હતા.

જાવડિએ જ્યારે એ પ્રતિમાની સ્થાપના કરી તે વખતે સિદ્ધગિરિપર તે પ્રતિમાને ચડાવતાં **ગોમુખ** નામના કોઇ પૂર્વના અધિષ્ઠાયક દેવની સાથે જાવડિને વૈર થયું હતું. શુભ મુહૂર્ત્તે સંઘની સાથે જ્યારે તે પ્રતિમા રથ ઉપર બેસારી ચલાવવા માંડી. ત્યારે તે દેવતાએ તેને સ્તંભી રાખી હતી. સૂર્યનો અસ્ત થયો અને સર્વ સંઘ શ્રાંત થઇ ગયો, તે વખતે ગોમુખ દેવતા સૂઇ જવાનો સમય લઈ તે પ્રતિમાને તેના સ્થાનમાં સ્થાપિત કરી હતી. તે પાછો તેપ્રતિમાને સ્થાનથી ચલિત કરતો હતો. આસ્તિક જાવડિ ફરીવાર મુહૂર્ત્ત લઈ અને ઘણું દ્રવ્ય ખર્ચી પાછો તેની પ્રતિષ્ઠા કરાવતો હતો. એવી રીતે આઠ વર્ષ સુધી બનવાથી જાવડિ તદ્દન નિર્ધન થઇ ગયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ અરસામાં રાજપુત્રી પદ્મા મૃત્યુ પામી ગઇ. રામની જેમ જાવડિને તે એકજ પત્ની હતી. એક વખતે તેણે વિચાર્યું કે, " ઘણું દ્રવ્ય મેળવ્યા શિવાય કોઇની સાથે યુદ્ધ થઇ શકતું નથી, તો આ ગોમુખ દેવની સાથે શી રીતે યુદ્ધ થઇ શકે " આ પ્રમાણે વિચાર કરી અઢાર વહાણના એશ્વર્ય ઉપર પોતાના હિતકારી વીરમને સાથે રાખી પોતે **મધુકપુર** માં આવ્યો, ત્યાંથી અનુક્રમે કેટલેક દિવસે **સિંહલદ્વિપ**માં ગયો. ત્યાં તેણે ઘણું દ્રવ્ય મેળવ્યું પછી ત્યાંથી બીજે વર્ષે પોતાના દેશ તરફ આવવાને વાહાણ ઉપર બેઠો, તેવામાં પેલા વૈરી ગોમુખ દેવતાએ એવો ખરાબ પવન પ્રસાર્યો કે, જેથી તેનું વાહાણ બીજા કોઇ બેટ તરફ ઘસડાઈ ગયું. પણ જાવડિના પુણ્ય પ્રભાવથી તે દ્વીપમાં તેને વ્યાપાર કરવાથી ચાર ગણો લાભ મલ્યો. તે સ્થાને તેને અગીયાર વર્ષો વીતી ગયાં. જે બેટમાં તેણે એવો મહાન્ લાભ મેળવ્યો હતો, તે **રત્નદ્વીપ** હતો. બારમે વર્ષે જાવડિ તે દ્વીપમાંથી મોટા વ્હાણો ભરી તે આગળ ચાલ્યો. આગળ જતાં એક **સુવર્ણદ્વીપ** તેના જોવામાં આવ્યો, તે સ્થળે આવતાં સર્વ વાહાણના લોકોને મીઠું જલ મેળવવાની ઇચ્છા થઇ મીઠા જલ વિના તેઓ અતિ વિહ્વલ બની ગયા. આથી તે વાહાણોને મીઠું જલ મેળવવાની ઇચ્છાથી એક સ્થળે ઉભા રાખ્યાં. તે સમયે રાત્રિ પડી ગઇ હતી. સર્વે ઉત્સુક થઈ મીઠું જલ લેવા લાગ્યા, તેવામાં કેટલાએક લોકોએ ત્યાં રસોઈ પણ કરી લીધી. આ વખતે જાવડિનો હિતકારી વીરમ તે સ્થલે નીચે ઉતરી સારી પૃથ્વી શોધવા લાગ્યો. તેવામાં તેના પગમાં એક કઠિન ખીલો વાગ્યો અને તેથી તેના પગમાંથી રૂધિરનો પ્રવાહ વેહેવા લાગ્યો. તે ખબર જાણી જાવડિએ વીરમને કહ્યું કે, ભદ્ર, તમે આ પાસેના અરણ્યમાં જઇ અરણિના વૃક્ષના અંગારા કરો તે વડે પગનું ઔષધ કરી પાછા વાહાણ ઉપર સત્વર ચડી જાઓ. જાવડિના કહેવાથી વીરમ તે સ્થલે ગયો, ત્યાં કેટલાએક સુવર્ણના પિંડ તેના જોવામાં આવ્યા. તે જોઈ વીરમે પો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાની સાથે રહેલા માલિમને તે વિષે કહ્યું. પછી પોતાને પગે પાટો બાંધી તેણે માલિમને પુછ્યું કે આ શું હશે, તે રજ મારા ઘવાએલા પગની સાથે અડેલી છે, તેપણ સુવર્ણના જેવી દેખાય છે. માલિમે કહ્યું, મિત્ર, આ સુવર્ણદ્વીપ છે. જો આ વાહાણનો બીજો બધો ભાર દૂર કરી આ રજથી તે વાહાણોને આપણે ભરીએ, તો ઘણો લાભ થાય, માલિમના આ વિચારને અનુસરી વીરમે તેમ કર્યું હતું. તે સુવર્ણ રજથી વાહાણોને ભરી વીરમ પોતાના નગર તરફ ચાલ્યો હતો. આ સમયે જાવડિનો વૈરી ગોમુખ દેવે અવધિજ્ઞાનથી તે વૃત્તાંત જાણી ક્રોધથી તેના બધા વાહાણોને સમુદ્રમાં ફેંકી દીધાં આ વખતે કપર્દી નામે નવો યક્ષ જાવડિના પુણ્યથી પ્રગટ થયો. તે સિદ્ધગિરિ ઉપર આરૂઢ થવાની ઇચ્છા રાખતો હતો; પણ ગોમુખ તેને પ્રતિકૂલ રહેતો હતો. પણ ગોમુખ તેનો પરાભવ કરી શકયો નહીં. પછી જાવડિના વહાણોની સ્થિતિ કપર્દી યક્ષના જાણવામાં આવી એટલે તેણે પ્રગટ થઇ શ્રેષ્ઠી જાવડિને આશ્વાસન આપ્યું અને પોતે જઇને ગોમુખે ફેંકી દીધેલા વાહાણોનો ઉદ્ધાર કર્યો કપર્દી યક્ષની સહાયથી વીરમ બધા વાહાણો લઇ સહીસલામતે આવ્યો હતો. વાહાણમાં આવેલી રજને અગ્નિના સંયોગથી સુવર્ણ બનાવવામાં આવ્યું અને તેથી જાવડિ એક મહાન્ ધનાઢ્ય થઇ ગયો હતો.

ધનાઢ્યતાને ધારણ કરી જાવડિ મોટો સંઘ કાઢી મહાતીર્થ સિદ્ધગિરિની યાત્રાએ ગયો હતો. તે વખતે કપર્દી યક્ષે તેના સાંનિધ્યમાં વાસ કર્યો હતો. સિદ્ધગિરિ પાસે રાત્રિ પડતાં જાવડિ જિનબિંબના રથના ચક્ર નીચે અષ્ટમ તપ કરીને રહ્યો હતો. આ વખતે ગોમુખ દેવ તેને ઉપદ્રવ કરવાને આવ્યો પણ કપર્દી યક્ષે યુદ્ધ કરી તેને જીતી લીધો હતો. પ્રાતઃકાલે ગોમુખ દેવને જીતવાનો જય ધ્વનિ થયો હતો. તે વખતે જાણે પર્વત ફાટયો હોય, તેમ ગોમુખ દેવે આક્રંદ ધ્વનિ કર્યો હતો. પછી જાવડિએ શુભ મુહૂર્ત્તે મહોત્સવ પૂર્વક જિનબિંબોની સ્થાપના કરી હતી. તે પ્રતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માની યથાવિધિ પુણ્યકારી પૂજા કરી જાવડિએ પોતાના આત્માને યશ અને પુણ્યનો પાત્ર બનાવ્યો હતો. સુરાષ્ટ્ર દેશમાં પ્રાગ્વાટ ( પોરવાડ ) જાતિની અંદર ઉત્પન્ન થયેલા જાવડિએ પોતાના પુણ્યોથી તથા યશથી આ વિશ્વને ભરપૂર કરેલું છે.

સંપૂર્ણ.

# વર્તમાન સમાચાર.

## અમારી સભાનો કરવામાં આવેલો ચૌદમો વાર્ષિક મહોત્સવ.

આ સભાને સ્થાપન થયા તેર વર્ષ પુરા થવાથી અને ચૌદમું વર્ષ શરૂ થવાથી જેઠ શુદ ૭ના રોજ દર વરસ મુજબ વાર્ષિક મહોત્સવ કરવામાં આવ્યો હતો. પ્રથમ સવારના સાત વાગે આ સભાનું મકાન ( આત્માનંદ ભુવન ) માં પ્રભુજી પધરાવવામાં આવ્યા હતા. મકાનને સુંદર ધ્વજા પતાકા અને તોરણોથી વિવિધ રીતે શણગારવામાં આવ્યું હતું, બપોરના બે વાગે દરબારી ગવૈયા અને સુંદર વાજીંત્રો સાથે વિવિધ રાગ રાગણીથી મહારાજ શ્રી આત્મારામજી મહારાજકૃત વીશ સ્થાનકની પૂજા ભણાવવામાં આવી હતી. પૂજામાં આ સભાના સભાસદો ઉપરાંત અન્ય ગૃહસ્થોએ પણ હાજરી આપી હતી. પૂજામાં અપૂર્વ આલ્હાદ ઉત્પન્ન થયો હતો, સાંજના વોરા હઠીસંગભાઈ ઝવેરચંદના તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. રાત્રિના આંગી, લાઇટ ( રોશની ) વીગેરેની અપૂર્વ રચના જોવા સાથે પ્રભુના દર્શનનો અમૂલ્ય લાભ લેવા અનેક જૈન બંધુઓ આવ્યા હતા, અને છેવટે આ સભાના સભાસદો એકઠા થઇ સભાની ઉન્નતિના વિચારો ચલાવી ચર્ચા અને આ સભા વધારે ઉન્નતિ પર કેમ આવે તે બાબતના કેટલાક નિર્ણયો કરવામાં આવ્યા હતા. આ રીતે આ સભાનો વાર્ષિક મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજના પ્રયાસથી પાલણપુર જૈન સંઘમાં થયેલ એકસંપી અને ઉન્નતિ.

પાલણપુર શ્વેતાંમ્બરી જૈન સંઘના પુન્યના ઉદયથી પરમ પૂજય મહર્ષિ કલીકાલ સર્વજ્ઞ સમાન ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ સ્વર્ગવાસી શ્રીમાન **વીજ્યાનંદ સૂરિશ્વર પ્રસીદ્ધ નામ આત્મારામજી** માહારાજના શિષ્ય માહાત્માશ્રી માન શ્રી ૧૦૮ **વલ્લભવિજયજી માહારાજ** પંજાબથી વીહાર કરતાં અત્રે જેઠ શુદી ૩ વાર શનેઊના રોજ સવારમાં પધાર્યા હતા. જેઓ સાહેબની પધરામણી વખતે શેહેરમાંથી સામૈયું કરવામાં આવ્યું હતું. ભારે ઠાઠમાઠથી માહારાજ સાહેબને શહેરમાં લાવવામાં આવ્યા હતા. વરઘોડામાં શેઠ મેહેતા ચમનલાલ ગાંગજીભાઈ તથા કોઠારી ચંદૂલાલભાઈ સોભાગચંદ, પારેખ અમુલખભાઈ ખુબચંદ, પારેખ નગીનદાસ લલુભાઈ વીગેરે શહેરના તમામ શ્વેતાંબરી જૈન કોમના આગેવાનો અને તમામ પુરૂષ તથા સ્ત્રીઓએ ઘણા ઉમંગે અને ઠાઠ માઠથી ભાગ લીધો હતો. અને વરઘોડો ઉપાશ્રયમાં આવ્યા બાદ માહારાજ સાહેબે દેશના આપી શ્રોતાજનોના મન ઉપર ધર્મની ભારે લાગણી ફેલાવી હતી. વ્યાખ્યાન સમાપ્ત થતાં અહીંના કોઠારી મુળચંદ દોલજી તરફથી નાલીયેરની પ્રભાવના કરી હતી.

અમારા નેકનામદાર દરબાર સાહેબ શ્રી સર શેરમહમદખાંનજી સાહેબ બહાદૂર કે–જી–સી–આઇ–ઇ હજુરથી વરઘોડાનો ઘણો ખરો સામાન મળ્યો હતો. જેથી જૈન સંઘ ઉપર ભારે ઉપકાર થયો છે. અમારા નામદાર દરબાર સાહેબ હજુરની જૈન ધર્મ પ્રત્યે ઘણીજ સારી લાગણી છે. અને તેઓ નામદાર હજુરથી દરેક વખતે દરેક બાબતમાં જોઈએ તે કરતાં પણ વિશેષ અહીંના શ્વેતાંબરી જૈન સંઘને મદદ મળે છે. એટલુંજ નહી પણ તેઓ સા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેબની દરેક ધર્મ અને કોમ પ્રતે તેવીજ લાગણી છે. અહીંની પચરંગી કોમમાં ધર્મ સંબંધી તમામ જન સમુદાય એક બીજાની તરફ ઘણી મીઠી નજરથી જુએ છે, અને કોઈપણ વખત ધર્મના સમુદાયના જુદા જુદા જથાઓ વચેની એક સંપીમાં ખામી આવી નથી તેમ ભવિષ્યમાં આવશે નહી. તે સઘળી બાબતનું માન અમારા નેક નામદાર હજુર સાહેબશ્રીનેજ છે. દુનિઆમાં એક સાધારણ કહેવત છે કે "યથા રાજા તથા પ્રજા" મતલબ રાજાના ગુણનું અનુકરણ પ્રજા કરે છે તે પ્રસિદ્ધ વાત છે. અનેતેજ આ શહેરમાં ઉઘાડી રીતે જણાઇ આવે છે.

અહીંના શ્વેતાંમ્બરી મૂર્તિપૂજક માહાજનમાં અંદર અંદર કોઈ બાબતમાં એક બીજાઓનાં મન ઘણા દીવસથી વીગ્રહ થયેલાં હતાં સમજ શક્તિને લઇને કદાગ્રહે બહુ ભયંકર રૂપ પકડયું નોહોતું; પરંતુ તેવા કારણથી અહીં જે કંઇ સુધારા દાખલ કરવા, તથા ધર્મના કાર્યોમાં સુધરેલા જમાના મુજબ જોઈએ તે પ્રમાણે આગળ વધી શકાતું નોહોતું. તે વિષેની ખબર માહારાજ સાહેબશ્રી વલ્લભવિજયજી માહારાજને થતાં અહીંના માહાજને ઘણા સરલ સ્વભાવથી તે વિષેનો નિવેડો લાવવા માહારાજ સાહેબને અરજ કરી અને તે બાબતનો દસ્તાવેજ તમામ સમુદાયની સહીયો સહીતનો માહારાજ સાહેબને અર્પણ કર્યો હતો. જ્યાં આગળ ૫૦૦ ઘરોનો સમુદાય શ્વેતાંબરી મૂર્તિપૂજક માહાજનનો છે. તેમાં આટલા નીર્ણય ઉપર આવવાનું જે ઝડપથી થયું હતું, અને તમામ ગ્રહસ્થોનાં મન કોમળ જે જલદી થયા તેનું માન માહારાજ સાહેબને પોતાનેજ હતું. કારણ કે ફક્ત એજ દીવસના વ્યાખ્યાનથી તેઓ સાહેબે શ્રોતાઓના હૃદય તદનજ કોમળ બનાવી દીધાં હતાં.

મહારાજ સાહેબને ફેસલો આપવાની વિનંતી થતાં તેઓ સાહેબે એજ દીવસ બંને પક્ષની હકીકત સાંભળી લઇને, જેઠ શુદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ વાર ગુરૂના રોજ સવારે પોતાનો લેખી ફેંસલો બહાર પાડયો હતો. જે ફેંસલો વાંચવાની સાથે સર્વ કોમના દરેક પુરૂષો અને સ્ત્રીઓએ તેને હર્ષના પોકાર અને તાળીઓ સાથે વધાવી લીધો હતો. અને તમામ પક્ષે ઘણી ખુશી બતાવી હતી. આ પ્રમાણે આજ ૨૦ વરસના ઘણા લાંબા અરસાથી અહીંના શ્વેતાંમ્બરી મૂર્તિપૂજક મહાજનમાં જે કદાગ્રહ દાખલ થયેલો હતો તેનો અંત લાવી તમામને ટુંકા વખતમાં એકત્ર કરવાનું સઘળું માન પરમ પૂજ્ય માહારાજ સાહેબ શ્રી **વલ્લભવિજયજી મહારાજને** છે. તેઓ સાહેબે આ ફેસલો કરવા માત્ર ધર્મની ઉન્નતિની ખાતરજ તકલીફ ઉઠાવી હતી. ને જે ઠરાવ કર્યો છે તેને માટે અત્રેનો શ્રાવક સમુદાય મહારાજશ્રીનો આભારી છે. આ વખતની ખુશાલીમાં અહીના તળાટી ઉજમ ડુંગરની માલીકીની એક ઘરથાર કે જે ઉપાશ્રયની સાથે જોડવામાં ઘણી ઉપયોગી હતી તે તેમના દીકરા ચુનીલાલ ઉજમે શ્વેતાંમ્બરી મૂર્તિપૂજક માહાજનને અર્પણ કરી હતી અને તે માહાજને ખુશીથી સ્વીકારી હતી.

મહારાજ સાહેબ તથા તેમના શીષ્યોનો ઇરાદો પંજાબથી વીહાર કરતી વખતેજ ઘણે દૂર અંતરે શ્રી સિદ્ધગિરિ તીર્થની યાત્રાએ પધારવાનો હતો. તેમના લાંબા રસ્તાની મુસાફરીમાં બીજા શેહેરોમાં માહારાજ સાહેબને રોકવા માટે ઘણો આગ્રહ થયો હતો છતાં અહીંના માહાજનની અહીં ચોમાસું કરવાની માગણીને સ્વીકારીને અહીંના શ્રી સંઘ ઉપર ઘણોજ ભારે ઉપકાર કીધો છે.

પરમ પૂજ્ય **મુનિ માહારાજશ્રી વલ્લભવિજયજી માહારાજના** પરમ ગુરૂ શ્રી **વિજયાનંદ સૂરિશ્વર શ્રી આત્મારામજી માહારાજ** સાહેબના નિર્વાણની વારસીક તીથી જેઠ સુદી ૮ ના દીવસે આ સઘલો બનાવ બન્યાથી તે દીવસે અહીંના મહાજને ભારે ઉમંગથી પૂજા ભણાવી છે. અને દરેક વરસને તે દિવસે પૂજા ભણાવવાનું નકી કરવામાં આવેલ છે. ખરેખાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સમય પાલણપુરના શ્વેતાંમ્બરી મૂર્તિપૂજક જૈનો માટે આ વખત સોનાના અક્ષરોથી કોતરી રાખવા સમાન થઇ શકયો છે. અને તે દીવસથી તે કોમની દીવસે દીવસે શુદીપક્ષના ચંદ્રમાની માફક ચડતી થશે. તથાસ્તુ.

અહીંના જૈન શ્વેતાંબરીના બાળકો તથા બાળકીઓ માટે કેળવણી આપવાના સંબંધમાં બીજા સુધરેલા શહેરોમાં જે સુધારાઓ વધવા પામ્યા છે. તે પ્રમાણે બંદોબસ્ત કરવાનો સ્વાલ તથા બીજા સંસારિક અને ધાર્મિક સુધારાઓ કરવાના સ્વાલો ઘણા દીવસથી ચરચાઇ રહ્યા છે. તેને માટે અહીંના આગેવાનોએ વેળાસર ધ્યાન આપવાનું છે. કેળવણીના સંબંધમાં કંઈ પગલું ભરાએલ છે ખરૂં, પણ હજુ સુધી તે સ્તુતિપાત્ર જોઇએ તેટલે દરજે થઇ શકયું નથી. હજુ તે સંબંધમાં ઘણું વિશેષ કરવાનું છે, અને માહારાજ સાહેબની મદદથી તે સઘળી બાબતોનો આરંભ વેળાસર કરશે, અને માહારાજ સાહેબ ચોમાસું અહીં બીરાજવાના છે જેથી તેનો ખાસ લાભ લેશે તેવી અમારી ઇચ્છા છે. કદાગ્રહ દૂર કરવો તે ઉન્નતિ થવાનું મૂળ છે. આપણી જૈનશ્વેતાંમ્બરી કોન્ફરન્સ લાખોના ખરચથી જે કામ દીવસોના દીવસોથી બલ્કે વરસોના વરસોથી કરી શકી નથી તે કામ આવા માહાત્માઓના એક દીવસના પધારવાથી થાય છે. તે જોઇ અમને ઘણો ઉત્સાહ અને આનંદ પેદા થાય છે.

( મળેલું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ન્યાયાંભોનિધિ વિજયાનંદસૂરિના સ્વર્ગવાસનો વાર્ષિક તીથીનો વડોદરામાં મહોત્સવ.

પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજ સંવત ૧૯૫૨ ના જેઠ શુદ ૭ની રાત્રે દેવલોક પામેલાં હોવાથી આચાર્ય મુનિરાજ શ્રી આત્મારામજી મહારાજની સ્વર્ગવાસ વાર્ષિક તીથી, વડોદરા ખાતે જેઠ શુદ ૮ ના રોજ મુનિરાજ શ્રી કાંતિવિજયજી માહારાજનાપ્રમુખપણા હેઠળ શ્રી આદિજીન મંડળી તરફથી ઘણી ધામધુમ્‌સાથે ઉજવવામાં આવી હતી. હમેંશ તે પ્રમાણે વાર્ષિક તીથી ઉજવવામાં આવે તે નિમીત્તે શેઠ ગોકળભાઈ દુલભદાસે રૂ. ૨૦૦, તથા શેઠ અભેચંદ હરખચંદની વિધવા બઈ વીજળીબાઇએ રૂ. ૨૦૦ આપ્યા છે.

## મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા પન્યાસજી શ્રી સંપત્તવિજયજી મહારાજ નરોડે યાત્રા કરી અમદાવાદ પધારતાં તેઓના પ્રયાસથી થયેલ ધર્મોન્નત્તિ.

નરોડેથી યાત્રા કરી અમદાવાદમાં પધારતાં શ્રીમાન્ મુનિ મહારાજ હંસવિજયજી સાહેબનું સામૈયું ધાંચીની પોળવાળા શ્રાવકોએ કર્યું હતું. તે દિવસે આ પોળને વાવટા વિગેરેથી સુશોભિત બનાવવામાં આવી હતી. મહારાજશ્રીએ શેઠ વીરચંદ દીપચંદ. સી. આઈ. ઇ. ના હોલમાં ઊતારો લીધો હતો. તે પ્રસંગને અનુસરતી કવીતાઓ ગાઇ બાળ વર્ગે ગુરૂ ભક્તિ બજાવી હતી.

જેઠ શુદિ ૧૨ ના દિવસે મહારાજ શ્રી હંસવિજયજી સાહેબના શિષ્ય પન્યાસ શ્રી સંપત્તવિજયજી ગણિ મહારાજે શા. જેસંગભાઇ વિગેરે ૧૧ જણાને ચોથું વ્રત તથા બીજા કેટલાએક ને વીશ સ્થાનકતપની શુભ ક્રિયા કરાવી હતી. દરમ્યાન ધર્મ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશના પ્રસંગે હાલમાં જોશભેર ચાલતો હોટલમાં ચા પાણી વિગેરે ઊડાવવાનો રીવાજ નાબુદ થવા ભાર મૂકીને કહેવામાં આવ્યું હતું. તેથી ઘણા લોકોને સારી અસર થઈ હતી. તેજ ગંજાવર સભામાં કવી સાંકળચંદભાઇએ બનાવેલી એક રસીલી કવિતા હારમોનીયમમાં ગવડાવવાથી સંખ્યાબંધ માણસોએ હોટલમાં જવાનો ત્યાગ કર્યો હતો—તે **कविता** દરેક દુર્ગુણ ત્યાગવાની ઈચ્છાવાળાને ઊપયોગી હોવાથી અત્રે આપવામા આવી છે.

## એડોબાઇ બુડતો તારોરે અથવા રાગ સઇદાનો.

અરે આ કળીયુગ કુડોરે, થાય ઉંચ નીચથી ભુંડોરે; એ ટેક.
કળીયુગ રાજાની રાજધાનીમાં, સુધારો કુધારો કીધ;
નામ સુધારાનો પવન ફુંકાયો, જાણે સુધારો ન સીદ્ધ અરે. ૧
પુર્વે યવનોએ આર્યો વટાળ્યા, ચલવી મુગલાઇ દોર;
તોપણ ધર્મ ચુસ્ત પુરૂષોએ, રાખ્યો ટેક ને તોર. અરે. ૨
અધુના નામ સુધારા એ વાળ્યો, દુનીયા મધ્યે દાટ;
દેખીને ધર્મી પુરૂષ દીલ કંપે, ઊપજે અંગ ઉચાટ. અરે. ૩
જોર જુલમ વીણ નામ સુધારાએ, લલચાવ્યા લોકને ફોક;
જીભ્હા સ્વાદથી ઘસડાઈ આર્યો, જાય હોટલમાં થોક. અરે. ૪
આર્ય ધર્મથી વિપ્રીત ચાલે, હોટલમાં વેહેવાર;
ધર્મ કર્મ સચવાય ન કોઇના, જઇને જુઓ નીરધાર. અરે. ૫
માટીનું વાસણ યવનને અડકે તો, આભડશેટ ગણાય;
માટીને રેતીથી મીશ્રીત વાસણ, કહો કેમ નહી અભડાય. અરે. ૬
તે વાસણમાં યવનને આર્યો, ખાય પીવે એક ઠામ;
એકજ પાણીમાં વાસણ બોળે, રૂઠે નહી કેમ રામ. અરે. ૭
ભક્ષાભક્ષ વિવેક રહે નહી, વાશી વિડલ ન વિચાર;
રસના રસના લાલચે લોકો, થાય હોટલે ખુવાર. અરે. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરમ તજે ને ધરમ તજે વળી, કર્મ કઠોર બંધાય;
વાળુ કર્યા પછી રાત્રીએ જમવાથી, રોગ અજીરણ થાય. અરે. ૯
જીભના સ્વાદથી પૈસામાં પુળો, છુટી રીતે મુકે છેક;
પૈસા મળે નહી તો ચોરી કરે જઇ, મુકી દે નીજકુળ ટેક. અરે. ૧૦
રસના સ્વાદથી સાતે વ્યસનો, આવી અડે છે અંગ;
આચાર ને ન વીચાર રહે કાંઇ, થાય છે નીતીનો ભંગ. અરે. ૧૧
બાળ યુવાન જનો હોટલમાં, બુઢા પણ કોઈ જાય;
ખોટો સુધારાનો પવન ફુંકાયો, દેખીને દીલ દુઃખાય. અરે. ૧૨
હોટલમાં ઉંચ વરણને જમતાં, લાજ ન આવે લેશ;
ચાહ પાણી સોડા લેમનેટાદીકે, વટલાવ્યો સારો દેશ. અરે. ૧૩
કંદમુળના ભજીયા બટાટાની, કાતરીએ વાળ્યો કેર;
હા! હોટલે ઉંચ વરણપર, વાળ્યું પુરાતન વેર. અરે. ૧૪
શ્રી ગુરૂ હંસવિજયજીના શિષ્ય શ્રી, સંપતવિજય પન્યાસ;
તાસ હુકમથી લોક હીતાર્થે, કવિતા રચી આ ખાસ. અરે. ૧૫
નામ સુધારો તજી સૌ કરજ્યો, સાચો સુધારો સ્વીકાર;
શીખ સુગુરૂની સ્વીકારી હોટલમાં, કરશો નહી સંચાર. અરે ૧૬
સદાચાર ને કુળ મરજાદા, સાચવજો શુભ પેર;
આ ભવ પરભવ સુધરે જેથી, સાકળચંદ લીલા લહેર. અરે. ૧૭

મહારાજ શ્રીના પધારવાથી ઘાંચીની પોળના ઘણા લોકોએ સારો લાભ મેળવ્યો છે. પૂજા પ્રભાવનાનો ઠાઠમાઠ પણ સારો કરવામાં આવ્યો હતો; એટલુંજ નહિ બલ્કે સ્ત્રીવર્ગે પણ પાંચ તીથી રોવા કુટવાના તથા હોળી રમવા વિગેરેના નિયમો લીધા હતા.

---

## ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદ સૂરિશ્વરજી (આત્મારામજી મહારાજ) ની સ્વર્ગવાસ તીથી જેઠ શુદ ૮ ના રોજ રાંધનપુરમાં કરવામાં આવેલો મહોત્સવ.

---

મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી તથા મુનિરાજ શ્રી રત્નવિજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યજી મહારાજની આજ્ઞાથી રાધનપુરના શ્રી સંઘે ઉપર મુજબનો મહોત્સવ શ્રી શાંતિનાથજી મહારાજના મંદિરમાં સ્નાત્ર પૂજા આંગી વિગેરેથી બહુ સારી રીતે કરવામાં આવ્યો હતો અને વધારામાં પાર્શ્વનાથજી મહારાજના દેરાસરની ટોળીની તે દીવસની ગેરહાજરી હોવાને લઈને જેઠ શુદ ૧૩ ના રોજ ઉપરના પ્રસંગ નીમિત્તે વિવિધ જાતના વાજીંત્રો સાથે અને ગવૈયાઓ સહીત બહુજ ઠાઠ માઠથી મુનિ માહારાજ શ્રી આત્મારામજી મહારાજ કૃત વીશ સ્થાનકની પૂજા ભણાવવામાં આવી હતી. તેમજ દેરાસરજીમાં સર્વ પ્રતિમાજીઓને બહુજ સુંદર આંગીઓ રચવામાં આવી હતી. અને દેરાસરમાં લાઈટ બહુ સરસ કરવામાં આવી હતી. જેથી શ્રી સંઘને અપૂર્વ આનંદ ઉત્પન્ન થયો હતો.

# પુસ્તકોની પહોંચ.

નીચે લખેલા પુસ્તકો અમોને ભેટ દાખલ મળેલાં છે, તે ઉપકાર સહિત સ્વીકારીએ છીએ.

**શ્રી જૈન તિર્થાવળી પ્રવાસ**—શા. અમીચંદ દીપચંદ હ્રુ ભાવનગર તરફથી.

**ધી હેરલ્ડ ઓફ ધી ગોલ્ડનએજ ત્રૈમાસિક**—મી. છગનલાલ લક્ષ્મિદાસ બુચ—જુનાગઢ તરફથી

**શ્રી પાંચોરા જૈન પાઠશાળાનો સંવત ૧૯૬૪ ની સાલનો રીપોર્ટ**—આ શાળાને સ્થાપન થયાં શુમારે દશ વર્ષ થયાં છે, શાળાનો ઉદ્દેશ અને કાર્ય ક્રમ જોતાં તે દશ વર્ષમાં બહુ સારૂં કાર્ય કરી શકી છે. મુખ્ય ઉદ્દેશ કેળવણીની વૃદ્ધિ કરવાનો હોવાથી, અને વળી તે તપગચ્છ, વિધિપક્ષગચ્છ, અને સ્થાનકવાસીગચ્છ મળી ત્રણે ગચ્છની એકત્રતા અને એકસંપીથી ચાલતી હોવાથી વધારે ખુશી થવા જેવું છે. અમો તેનો અભ્યુદય ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only